સુવિચાર
''સંબંધોને બનતા વર્ષો લાગે છે, તૂટતા એક ક્ષણ.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૭/૦૨/૨૦૨૬, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ મહા વદ-૬ વર્ષ : ૧૭ અંક : ૦૪૭

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

Destination Wedding at ₹ 3.5 Lakh
તમારા સપનાના લગ્ન માટે ગીરનું શ્રેષ્ઠ ડેસ્ટિનેશન...
• ૬૦૦૦ ફૂટ વેડિંગ લૉન • વિશાળ સ્વિમિંગ પૂલ • મલ્ટી ક્યુસન રેસ્ટોરન્ટ
• ૨૨ લક્ઝરિયસ કોટેજિસ. • લગ્ન વિધિ માટે હોલ..
THE LION LODGE
3
For Booking: 9409400002 | 9409400003 www.thelionlodge.in

## એક તરફ શ્વાનનાં રસીકરણની કામગીરી અને બીજી તરફ શ્વાન કરડવાનાં બનાવોમાં વધારો

# અમરેલીનાં શહેરીજનોમાં રખડુ શ્વાનનો ખૌફ ઉભો થયો

**શહેરમાં અંદાજિત અઢી હજાર જેટલા રખડુ શ્વાન ગલીએ ગલીએ ફરતાં હોય સૌ કોઈ ભયભીત**

**છેલ્લા થોડા દિવસોમાં અનેક નાગરિકો રખડુ શ્વાનનાં દાંતથી ઈજાગ્રસ્ત બન્યા**

**રખડુ શ્વાનનાં રસીકરણની કામગીરી ઝડપથી થાય સાથે શ્વાનને સલામત સ્થળે ખસેડવામાં આવે તે પણ જરૂરી**

**બાળકો, મહિલાઓ, વૃધ્ધોને સાવધાનીપૂર્વક ઘરની બહાર નીકળવું પડે તેવી ગંભીર સ્થિતિ**



અમરેલી, તા. ૬

અમરેલી જિલ્લાનાં મોટાભાગનાં વિસ્તારમાં સિંહ, દીપડા જેવા ખુંખાર પ્રાણીઓની અવરજવર અને વસવાટ વધતાં ખેડૂતો, શ્રમિકો, ગ્રામજનો ચિંતિત છે તેવા સમયે જિલ્લાનાં મુખ્ય મથકનાં દોઢ લાખ જેટલા નાગરિકો રખડુ શ્વાનને લઈને ભયભીત બન્યા છે.

અમરેલી, લીલીયા, વડિયા પંથકમાં હડકાયા બનેલ શ્વાને અનેકને બચકા ભર્યાની ઘટના બાદ પાલિકા દ્વારા રસીકરણની કામગીરી શરૂ કરવામાં આવી છે. પણ તેની ગતિ ધીમી જોવા મળી રહી છે અને રસીકરણ બાદ રખડુ શ્વાન કોઈને પરેશાન નહી કરે તેની કોઈ ગેરંટી નથી.

શહેરમાં અંદાજિત અઢી હજાર જેટલા રખડુ શ્વાન ગલીએ ગલીએ ફરી રહ્યા છે અને બાળકો, મહિલાઓ અને વૃધ્ધોને બચકા ભરી રહ્યા હોય સિવિલ હોસ્પિટલનાં ટ્રોમા સેન્ટરમાં પણ બખડુ શ્વાનનાં બચકાનો ભોગ બનનારની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે.

રખડુ શ્વાનનાં રસીકરણની સાથે તેમને સલામત સ્થળે ખસેડવાનું કોઈ આયોજન વહીવટીતંત્ર પાસે ન હોવાથી સૌ કોઈ ચિંતિત બન્યા છે.

## સામાન્ય ચા બનાવવા જેવી બાબતે મગજ ગુમાવ્યો

# બગસરાનાં મુંજીયાસર ગામે આધેડવયનાં પાલક પિતાની સામાન્ય બાબતે પુત્રએ હત્યા કરી

**વિભાગીય પોલીસ વડા ચિરાગ દેસાઈએ આરોપી વિરૂધ્ધ કાર્યવાહી શરૂ કરી**



અમરેલી, તા. ૬

બગસરા તાલુકાના મુંજીયાસર ગામે રહેતાં એક ખેતમજૂર આધેડ પિતાની હત્યા સાવકા પુત્રએ સામાન્ય ચા બનાવવા જેવી બાબતમાં માથામાં બોથડ પદાર્થના ઘા મારીને હત્યા કરી નાખતાં અને માતા તથા બહેનને પણ ગંભીર ઈજા કરતાં પોલીસે હત્યાનો ગુન્હો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

અનુસંધાન પાના ૬ ઉપર

## ખેડૂત પતિ-પત્ની લગ્નપ્રસંગમાં જતાં

# બાબરાનાં ચરખા ગામે રાત્રિનાં સમયે દોઢ કલાકમાં ૧.૯૧ લાખનાં મુદ્દામાલની ચોરી

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૬

બાબરાનાં ચરખા ગામે રહેતાં ખેડૂત દંપતી લગ્નમાં જતાં અને વૃધ્ધ માતા-પિતા ઘરે હતાં. તેવાં સમયે કોઈ અજાણ્યા ઈસમે આ ખેડૂતનાં ઘરમાં પ્રવેશ કરી સોનાનાં દાગીનાં તથા રોકડ મળી રૂપિયા ૧,૯૧,૦૦૦ની ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાતાં પોલીસે ચોરીનો ભેદ ઉકેલવા તપાસ હાથ ધરેલ છે.

આ બનાવમાં બાબરા

અનુસંધાન પાના ૬ ઉપર

( જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા )
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૯૪૩૪
ડોક્ટર હાઉસ અમરેલી કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ઘોડાસરા (M.S.) | ડો. વ્રષ્ટિ પંડ્યા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલટન્ટ
ડો. ઉત્સવ ઉનડકટ
ડો. કોમલ વ્યાસ ઉનડકટ

૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ
1,39,900/- (૧૦ ગ્રામ)
રહેશે તા.૦૬/૦૨/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સએપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૬, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૪૯ ૭૩૧૩૧

naari IVF
"નવી આશા, નવી યાત્રા"
અમે તકનીકી દ્રષ્ટિએ અદ્યતન IVF સારવાર અને સંપૂર્ણ મેડિકલ માર્ગદર્શન આપીને દંપતિઓને માતા-પિતા બનવાનો અવસર પ્રદાન કરીએ છીએ..
નારી હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
Mo.7862037707

અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર મેગાસીટીમાં થતા ફુવારા પધ્ધતિ (TOPICAL TACHENIQUE) દ્વારા
અમેરીકન કોલ્ડ ફેકો-લેસર ટેકનોલોજીથી મોતીયાના ટાંકા વગર ઓપરેશન...
ઉચ્ચ ક્ષમતા નેત્રમણીની સુવિધા હવે અમરેલીમાં...
DIABETIC તથા HARD (પથ્થરીયા) મોતીયા માટે ખાસ આર્શિવાદરૂપ
અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર Cash-less Hospital
નીચેની તમામ કંપનીના વીમાધારકોનાં આંખનાં તમામ ઓપરેશનો જેમકે મોતિયો (ઉચ્ચ નેત્રમણી) સાથે, વેલ, ઝામર, નાસુર વગેરે તદન ફ્રી (કેશ લેસ) કરી આપવામાં આવશે.
ડો.અભિષેક ઠાકર આંખના સર્જન
ડો.સોનલબેન ઠાકર ડેન્ટલ સર્જન
ડો.હર્ષિત ઠાકર
દ્રષ્ટિ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
રોયલ કોમ્પ્લેક્ષની બાજુમાં ચિત્તલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૧૬૨૭, ૨૩૩૫૬૫

## ડાંગ સહિતનાં આદિવાસી વિસ્તારમાં ચિંતાજનક પરિસ્થિતિ

# દર વર્ષે કરોડો રૂપિયાનાં ખર્ચ પછી બાળકો કુપોષિત કેમ ? : કોંગ્રેસ

**ભાજપ સરકાર આદિવાસીઓને જંગલ જમીનનો અધિકાર આપતી નથી**

**ભ્રષ્ટાચારી મળતીયાઓએ 'નલ સે જલ' યોજનાને 'નલ સે ધન' યોજના બનાવી દીધી : અમિત ચાવડા**

**વિકાસનાં નામે આદિવાસીઓ પાસેથી ડુંગરો, જંગલો, પાણી અને પ્રકૃતિ છીનવાઈ રહ્યા છે**

**ડાંગ જિલ્લામાં મનરેગામાં કામ મંજૂર કરાવવુ હોય તો એડવાન્સમાં કમિશન લેવામાં આવે છે**



અમદાવાદ, તા. ૬

જન આક્રોશ યાત્રાના ઉજા ફેજમાં દક્ષિણ ગુજરાતમાં ચાલી રહેલ યાત્રા દરમિયાન ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાએ વાંસદાથી પ્રસ્થાન કરીને વઘઈ, પીપરી મેઈન રોડ, આહવા, સુબીરથી થઈને ઉચ્છલ પહોંચી હતી.

જન આક્રોશ યાત્રાના દક્ષિણ ગુજરાતમાં ચોથા દિવસે નવસારી જિલ્લામાંથી ડાંગ જિલ્લામાં પ્રવેશ કરતાં વઘઈ ખાતે ખૂબ ઉમળ કાભેર આદિવાસી સંસ્કૃતિના તાલે નૃત્ય કરીને બધાએ દિલના ઉમળકાથી યાત્રાનું સ્વાગત કર્યું હતું અને યાત્રાને સ્થાનિક લોકોએ સમર્થન કર્યું હતું. લોકોએ યાત્રામાં આવીને જે પ્રશ્નો રજૂ કર્યા હતા કે,'અમે વર્ષોથી આ જળ, જંગલ, જમીનનું સિંચન કર્યું છે, એનું રક્ષણ કર્યું છે, એનું પોષણ કર્યું છે એવા આદિવાસી સમાજને આજે એની જળ, જંગલ અને જમીનથી દૂર કરવાના પ્રયત્નો થઈ રહ્યા છે. વિકાસના નામે એમની પાસેથી આ ડુંગરો, આ જંગલો, આ પાણી, આ પ્રકૃતિ છીનવવાનો પ્રયત્ન થઈ રહ્યો છે.

કોંગ્રેસની સરકારે વન અધિકારનો જે કાયદો લાવ્યા, આજે વીસ વર્ષ થયા તેમ છતાં સેંકડોની સંખ્યામાં હજુ પણ દાવાઓ પેન્ડિંગ છે એ આદિવાસી સમાજને એના જમીનના પટ્ટાઓની સનદો નથી આપતા એનો આક્રોશ લોકોએ વ્યકત કર્યો છે. આ વિસ્તારમાં મનરેગામાં વ્યાપક પ્રમાણમાં ભ્રષ્ટાચાર થાય છે, ધારાસભ્યના નજીકના લોકો દ્વારા મનરેગામાં કામ કરાવવું હોય તો પહેલાં એડવાન્સમાં કમિશન લેવામાં આવે છે એવી ફરિયાદો મળી. સાથે સાથે નલ સે જલ યોજનામાં મોટો ભ્રષ્ટાચાર છે. અહીંયાં કોઈ સ્થાનિક રોજગારની વ્યવસ્થાઓ નથી એટલે અહીંથી લોકોને રોજગાર માટે દૂર દૂર જવું પડે છે. શહેરીના કામે અહીંયાથી હજારોની સંખ્યામાં લોકોએ કામ કરવા જવું પડે છે. એ જ રીતે અહીંયા શિક્ષણની વ્યવસ્થાઓ નથી, આરોગ્યની જે વ્યવસ્થાઓ છે એમાં પણ ડોકટરો નથી, નર્સો નથી, પૂરતો સ્ટાફ નથી, સાધનો નથી એટલે બધી જ રીતે આ વિસ્તારના લોકો હેરાન પરેશાન છે.

યાત્રા દરમિયાન આદિવાસી વિસ્તારના લોકોની ફરિયાદ સાંભળી, ચર્ચા કરીને અમિત ચાવડાએ જણાવ્યું કે, 'એક બાજુ આદિવાસીઓની પ્રકૃતિ એમની જમીન અને જંગલો છીનવી લેવાનો પ્રયત્ન થાય અને બીજી બાજુ એમને ઘરમાંથી દૂર કરી કોઈપણ જાતની સુવિધા નહીં આપી અને પછાત અને મજૂરી કરતા જ રહે એવી શાસનની આ નીતિ છે, એની સામે લોકોમાં ખૂબ આક્રોશ છે. હું ચોક્કસ કહું કે આ જન આક્રોશ યાત્રા જે આજે ડાંગ જિલ્લામાં ફરી રહી છે, લોકો એમાં જોડાઈ રહ્યા છે, લોકો ખુલીને બોલી રહ્યા છે અને સરકારની નિષ્ફળતાઓ, સરકારનો ભ્રષ્ટાચાર, સરકારનો ગેરવ્યવહાર, ભાજપના લોકોની ઉઘાડી લૂંટ આજે લોકો ખુલ્લી કરી રહ્યા છે. ૨૦૦૬માં કેન્દ્રની કોંગ્રેસ સરકાર વન અધિકારનો કાયદો લાવી, આજે ૨૦ વર્ષ પછી પણ ભાજપ સરકાર આદિવાસીઓને જંગલ જમીનનો અધિકાર આપતી નથી'

અમિત ચાવડાએ મીડિયાને જણાવ્યું હતું કે, આજે ગુજરાતમાં ચારે તરફ જયારે જન આક્રોશ યાત્રામાં અમે લોકોની વચ્ચે ગયા એ ઉત્તર ગુજરાત હોય, સૌરાષ્ટ્ર હોય, મધ્ય ગુજરાત હોય કે દક્ષિણ ગુજરાત હોય બધી જ બાજુ એક જ અવાજ છે કે ગુજરાતમાં દારૂબંધીનો કાયદો છે. પણ આ ભાજપની ભ્રષ્ટાચારી હપ્તાખોર સરકારને કારણે એક એક ગામમાં એક એક ગલીમાં પીવાનું પાણી નથી મળતું પણ દારૂની રેલમછેલ છે અને દારૂ કરતાં પણ હવે ગાંજો, ચરસ અને ડ્રગ્સથી ગુજરાતની યુવા પેઢી બરબાદ થાય છે.

તેમણે જણાવ્યું હતું કે, હમણાં આપણાં દેશની સાંસદમાં પણ જે ડેટા બહાર આવ્યા કે છેલ્લા છ વર્ષમાં ગુજરાતમાંથી એક લાખ ત્રીસ હજાર કિલોગ્રામ જેટલું ડ્રગ્સ અને નશીલા દ્રવ્ય પકડાયા અને એ જ રીતે જોઈએ તો એક આંકડા છે કે મોટે ભાગનું ડ્રગ્સ ગુજરાતના દરિયાકાંઠેથી આવ્યું એટલે ગુજરાત ડ્રગ્સનું લેન્ડિંગ હબ બની ગયું છે. જે રીતે ગુજરાતમાં મેન્યુફેકચરિંગ થાય છે, જે રીતે દિવસે દિવસે મેન્યુફેકચરિંગની ફેકટરીઓ પકડાય છે તો ગુજરાત ડ્રગ્સનું મેન્યુફેકચરિંગ હબ પણ બની ગયું છે. આ જ ગુજરાતમાંથી ડ્રગ્સ આજુબાજુના રાજયો અને બીજે વિસ્તારોમાં જાય છે. એનો મતલબ કે ગુજરાત ડ્રગ્સનું ટ્રેડિંગ હબ પણ બની ગયું છે અને આ ભાજપની હપ્તાખોરીને કારણે આજે ગુજરાતનો એક એક પરિવાર ચિંતિત છે કે એનો દિકરો દિકરી આજે ડ્રગ્સના રવાડે તો નહીં ચઢી જાય ને ?. આ નશાના રવાડે ચઢીને ગુજરાતની યુવા પેઢી બરબાદ થઈ રહી છે અને આજે એવી સ્થિતિનું નિર્માણ થયું છે કે જો તાત્કાલિક લોકજાગૃતિ નહીં આવે, આ હપ્તાખોર સરકારને દૂર નહીં કરીએ તો આવનારા સમયમાં આપણે દુ:ખ સાથે કહેવું પડે કે ગુજરાત આ નશાના કારણે ઉડતા ગુજરાત બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. ડ્રગ્સ અને દરૂના મુદ્દે અમિત ચાવડાએ જાહેર જનતાને વિનંતી કરતાં જણાવ્યું હતું કે, મારી તમામ લોકોને વિનંતી છે કોંગ્રેસ પક્ષ દ્વારા નશા મુકત ગુજરાત અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. અમારી એનએસયુઆઈ વિદ્યાર્થી પાંખ દ્વારા ડ્રગ્સ ફ્રી કેમ્પસની અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. ત્યારે આવો સાથે મળી આ હપ્તાખોર સરકારની પણ સાન ઠેકાણે લાવીએ અને ગુજરાતની યુવા પેઢીને નશાથી બચાવીએ.

ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરીએ જણાવ્યું હતું કે, આદિવાસી સમાજને બધા જ હક અને અધિકાર કોંગ્રેસ સરકારોએ આપ્યા, ડાંગ કે તાપીમાંથી પહેલાં કોઈ દિલ્લી સુધી ન હતું ગયું પણ કોંગ્રેસે આપણને વિશેષ હક અધિકાર આપ્યા અને આપણાં સમાજને પ્રતિનિધિત્વ આપ્યું.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ધ્વારા સમગ્ર ગુજરાતને, લોકોના મુદ્દાઓ, સમસ્યાઓ અને જન રજુઆત સાંભળવા માટે જન આક્રોશ યાત્રા શરૂ કરવામાં આવી છે. આ જન આક્રોશયાત્રા ત્રીજા ફેઝમાં ગુજરાતના આદિવાસી બહુ મૂલ્ય વિસ્તાર દક્ષિણ ગુજરાતમાં ચાલી રહી છે. વલસાડ જિલ્લાના કપરાડાથી શરૂ થયેલી આ યાત્રા નર્મદા જિલ્લાના ડેડીયાપાડામાં સમાપ્ત થશે, આજની ૪થા દિવસની યાત્રામાં વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષારભાઈ ચૌધરી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતીના સહ પ્રભારી બી.વી. શ્રીનિવાસજી, ગુજરાત યુવા કોંગ્રેસ ઉપાધ્યક્ષ સંજય નિનામા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતી આદિવાસી વિભાગના પ્રમુખ રાજેન્દ્ર પારગી સહિત જીલ્લા/તાલુકાના પદાધિકારી હાજર રહ્યા હતા.

## વહીવટીતંત્રની ઢીલી નીતિથી કંટાળીને

# ધરાઈ ગામનાં અરજદારે આત્મવિલોપનની ચીમકી આપતાં ચકચાર મચી જવા પામી

**મંજુરી વગરના ટાવરનાં પ્રશ્ને લઈને નારાજ**

બાબરા, તા. ૬

બાબરા તાલુકાના ધરાઈ ગામમાં રહેણાંક પ્લોટમાં મંજૂરી વગર થઈ રહેલા મોબાઈલ ટાવરના નિર્માણ મુદ્દે સ્થાનિક તંત્રની નિષ્ક્રિયતા સામે લોકરોષ ફાટી નીકળ્યો છે. વારંવારની લેખિત રજૂઆતો અને જિલ્લા વિકાસ અધિકારીના આદેશો છતાં સ્થાનિક અધિકારીઓની ઢીલી નીતિથી ત્રસ્ત થઈને અરજદાર મીતુલભાઈ જે. જોષીએ આગામી સોમવારે જિલ્લા પંચાયત કચેરી ખાતે આત્મવિલોપન કરવાની જાહેરાત કરી છે.


સમગ્ર વિવાદની વિગત એવી છે કે, ધરાઈ ગામે માલિકીના રહેણાંક પ્લોટમાં કોઈપણ પ્રકારની વહીવટી મંજૂરી લીધા વિના મોબાઈલ ટાવર ઊભો કરવાનું કામ શરૂ કરી દેવામાં આવ્યું છે. આ પ્રક્રિયામાં ગામના સરપંચે પોતાના હોદ્દાનો દુરૂપયોગ કર્યો હોવાના આક્ષેપ સાથે મીતુલભાઈએ ગત તા. ૨૭/૧/૨૦૨૬ના રોજ ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી હતી. જેના પગલે જિલ્લા વિકાસ અધિકારી (ડીડીઓ) એ તાલુકા વિકાસ અધિકારી (ટીડીઓ) બાબરાને તાત્કાલિક તપાસ કરી નિયમોનુસાર કાર્યવાહી કરવા લેખિત સૂચના આપી હતી.

જોકે, મીતુલભાઈ જોષીનો આક્ષેપ છે કે જિલ્લા કક્ષાએથી આદેશ થયો હોવા છતાં તાલુકા વિકાસ અધિકારી દ્વારા આજદિન સુધી કોઈ જ નક્કર કામગીરી કરવામાં આવી નથી. રાજકીય દબાણ અથવા અન્ય ભીનું સંકેલવાના પ્રયાસોને કારણે તપાસમાં જાણી બૂઝીને વિલંબ કરવામાં આવી રહ્યો હોવાની વ્યાજબી દહેશત તેમણે વ્યકત કરી છે. પંચાયત ધારાની કલમ–૫૭ (૧) હેઠળ સરપંચ સામે કાર્યવાહી કરવાને બદલે તંત્ર દ્વારા દાખવવામાં આવતી આ ઉદાસીનતા હવે અરજદાર માટે જીવનું જોખમ ઊભું કરી રહી છે.

વહીવટી તંત્રના બહેરા કાને પોતાની વાત પહોંચાડવા માટે અંતે કંટાળીને મીતુલભાઈ જોષીએ અલ્ટીમેટમ આપ્યું છે કે, જો દિન–૪ માં ટાવરનું કામ બંધ કરાવી જવાબદારો સામે પગલાં લેવામાં નહીં આવે, તો તેઓ તા. ૯/૨/૨૦૨૬, સોમવારના રોજ બપોરે ૩:૦૦ કલાકે જિલ્લા પંચાયત કચેરી, અમરેલીના ગ્રાઉન્ડમાં જાહેરમાં આત્મવિલોપન કરશે.

આ આત્મવિલોપનથી જો કોઈ જાનહાનિ થશે તો તેની તમામ જવાબદારી અમરેલી જિલ્લા વિકાસ અધિકારી અને બાબરા તાલુકા વિકાસ અધિકારીની રહેશે તેવું પણ તેમણે ભારપૂર્વક જણાવ્યું છે. એક જાગૃત નાગરિક દ્વારા તંત્રની શિથિલતા સામે ઉઠાવવામાં આવેલો આ અવાજ અત્યારે સમગ્ર જિલ્લામાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે.

# અમરેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ બનવા બદલ વિપુલ પોંકિયાનું સુરતમાં સન્માન કરવામાં આવ્યું



અમરેલી, તા. ૬

તાજેતરમાંજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ધ્વારા અમરેલી જિલ્લામાં તાલુકાઅનેશહેર કોંગ્રેસનાનવાપ્રમુખોની નિમણુક કરવામાં આવી હતી. જેમાં અમરેલી તાલુકા કોંગ્રેસના પ્રમુખ તરીકે વિપુલપોંકિયાનીનિમણુકકરવામાંઆવી છે.વિપુલપોંકિયાનેકોંગ્રેસપક્ષમાંમહત્વની જવાબદારીમળતાતેનાખીજડીયારાદડીયા (જંકશન) ગામમાંઅનેતેનાવિશાળમિત્ર વર્તુળમાંઅનેરોઉત્સાહજોવામળીરહ્યોછે. જેનાઅનુસંધાનેવિપુલપોંકિયાનુંસુરતમાં ખીજડીયા રાદડીયા (જંકશન), શેડુભાર, હરીપરાગામનામિત્ર વર્તુળધ્વારાસન્માન કરવામાંઆવ્યુંહતું.

## પ્રદેશ કોંગ્રેસનાં પ્રવકતા ડો. મનિષ દોશીનું નિવેદન

# ગુજરાતમાં ખાદ્ય પદાર્થોમાં મોટા પાયે ભેળસેળથી લાખો નાગરિકોની જીંદગી જોખમમાં મુકાઈ

**ફુડ સેફટી વિભાગની લાપરવાહી અને હપ્તારાજ જવાબદાર**

અમદાવાદ, તા. ૬

ગુજરાતમાં ખાદ્ય પદાર્થોમાં વ્યાપક ભેળસેળને કારણે લાખો નાગરિકોની જીંદગી ગંભીર જોખમમાં મુકાઈ રહી છે અને લોકો વિવિધ ગંભીર બિમારીઓનો શિકાર બની રહ્યા છે. ફુડ સેફટી વિભાગની અપૂરતી ચકાસણી, લાપરવાહી તથા હપ્તારાજ આ સ્થિતિ માટે સીધા જવાબદાર હોવાનું ગંભીર આક્ષેપ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ એમ.દોશીએ જણાવ્યું હતું કે છેલ્લા દસ વર્ષમાં ગુજરાતમાં ખોરાકની સુરક્ષા અને નીચી ગુણવત્તાના (Sub-standard Quality) ખાદ્ય પદાર્થોની ફરિયાદોમાં ચિંતાજનક વધારો થયો છે. વર્ષ ૨૦૧૬થી ૨૦૨૬ દરમિયાન દૂધમાં ભેળસેળ, મસાલાઓમાં પ્રદૂષણ અને અન્ય ખાદ્ય પદાર્થોમાં નીચી ગુણવત્તાના અનેક કિસ્સાઓ સામે આવ્યા છે. FSSAIના રિપોટર્સ, સંસદીય જવાબો અને ગુજરાત FDCAની કાર્યવાહીઓ પરથી મળેલા ડેટા મુજબ પ્રારંભિક વર્ષોમાં (૨૦૧૬–૨૦૧૮) વિગતવાર આંકડા મર્યાદિત છે, પરંતુ રાષ્ટ્રીય સ્તરે તથા ગુજરાતમાં ભેળસેળનો પ્રવાહ સતત વધતો રહ્યો છે.

વર્ષ ૨૦૧૯માં અમદાવાદમાં દૂધના ૬૧% નમૂનાઓ નિષ્ફળ ઠર્યા હતા, જેમાં ફેટ અને સોલિડસમાં ગંભીર ખામીઓ જોવા મળી હતી. વર્ષ ૨૦૨૦માં FSSAIના PAN–India દૂધ સર્વેમાં ગુજરાતમાંથી લેવાયેલા ૧૬૬ નમૂનાઓમાંથી ૮૦ નમૂનાઓ (૪૮.૨%) નીચી ગુણવત્તાના હોવાનું સામે આવ્યું હતું. વર્ષ ૨૦૨૧–૨૨ દરમિયાન ૮૨૪ નમૂનાઓ નિષ્ફળ ઠર્યા હતા, જયારે વર્ષ ૨૦૨૨–૨૩માં ૯૭૮ નમૂનાઓ નિષ્ફળ ઠરી, જે અત્યાર સુધીનું ઉચ્ચતમ આંકડો છે. વર્ષ ૨૦૨૩–૨૪માં ૯૧૦ નમૂનાઓ નિષ્ફળ ઠર્યા અને રૂા. ૧૧ કરોડની કિંમતના ૩૫૧ ટન અખાદ્ય પદાર્થો જપ્ત કરવામાં આવ્યા હતા.

વર્ષ ૨૦૨૪–૨૫માં (નવેમ્બર સુધી) કુલ ૫,૩૭૧ નમૂનાઓમાંથી ૪૪૪ નમૂનાઓ નિષ્ફળ ઠર્યા છે. વર્ષ ૨૦૨૫–૨૬માં (ચાલુ વર્ષ) ખાસ કરીને મસાલા મિશ્રણના કેસોમાં વધારો નોંધાઈ રહ્યો છે, જોકે સંપૂર્ણ વર્ષનો ડેટા હજુ ઉપલબ્ધ નથી. વર્ષ ૨૦૨૨–૨૩માં નિષ્ફળ નમૂનાઓનું પ્રમાણ સૌથી વધુ હતું, ત્યારબાદ સંખ્યામાં થોડો ઘટાડો થયો છે, પરંતુ વર્ષ ૨૦૨૪માં ટકાવારીની દ્રષ્ટિએ તીવ્ર વધારો નોંધાયો છે. દૂધ, પનીર, મસાલા અને તેલમાં સમસ્યા સતત યથાવત છે.

અમલીકરણમાં ગંભીર ખામીઓ છે. રાષ્ટ્રીય સ્તરે માત્ર ૧૫% જેટલા નિયમભંગ કરનારાઓ સામે જ અસરકારક કાર્યવાહી થાય છે. તા. ૧/૧/૨૦૨૩થી ૩૧/૧૦/૨૦૨૪ દરમિયાન AMCના ફુડ સેફટી ઓફિસરોએ એન્ફોર્સમેન્ટ માટે ફુડ સેમ્પલ લેવા પાછળ પ્રજાના કુલ રૂા. ૧૨,૯૬,૩૩૬/– જેટલા રૂપિયા ખર્ચ્યા છે. આટલો ખર્ચ થવા છતાં મોટાભાગના ફુડ સેમ્પલો લેબોરેટરીમાં પાસ થવાના રિપોર્ટ આવે છે, જે દર્શાવે છે કે ફુડ અધિકારીઓ જાણબૂઝીને એવા જ નમૂનાઓ લે છે જે લેબમાં પાસ થઈ જાય. આ સમગ્ર પ્રક્રિયામાં મોટું કૌભાંડ ચાલી રહ્યું હોવાનો સંદેહ છે અને સામાન્ય નાગરિકોને શુધ્ધ ખોરાક ભાગ્યે જ મળ તો હોય તેવી સ્થિતિ છે.

હોટલ, રેસ્ટોરન્ટ તથા ખાદ્ય નાસ્તાની લારીઓએ ગ્રાહકોને સ્પષ્ટ રીતે દેખાય તેવા મોટા અક્ષરોમાં બોર્ડ લગાવી ખોરાક કયા કુકિંગ માધ્યમમાં તૈયાર થયો છે (જેમ કે સિંગતેલ, પામોલિન તેલ વગેરે) તે દર્શાવવું ફરજિયાત છે. છતાં આ જોગવાઈઓનું પાલન થતું નથી, જેના કારણે નાગરિકોમાં હાર્ટ એટેક જેવી ગંભીર બિમારીઓનું જોખમ વધે છે. અમદાવાદ શહેર સહિત સમગ્ર ગુજરાતમાં ફુડ અધિકારીઓ આ નિયમોનો યોગ્ય અમલ કરાવતા નથી.

આ સમગ્ર ડેટા સાબિત કરે છે કે ફુડ સેફટીનો કાયદો હોવા છતાં સપ્લાય ચેઈન, લેબોરેટરી પ્રક્રિયા અને અમલીકરણમાં ગંભીર ખામીઓ છે. ગુજરાતમાં સુરક્ષિત ખોરાક સુનિશ્ચિત કરવા માટે FSSAI તથા FDCAએ તેમના વાર્ષિક રિપોટર્સમાં વિગતવાર ડેટા જાહેર કરવો જોઈએ અને ગ્રાહકોની ફરિયાદોને ગંભીરતાથી લઈ તાત્કાલિક અને કડક પગલાં ભરવા જોઈએ.

## પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાત સામે આક્ષેપ

# મતબેંકની રાજનીતિ માટે હિન્દુ સમાજ અને ભાજપ કાર્યકર્તાઓ સામે અશોભનીય ભાષાનો ઉપયોગ

**ધારાસભ્યનાં કાર્યાલયમાં ગંદા શબ્દોનો ઉચ્ચાર કર્યો**

અમરેલી, તા. ૬

તાજેતરમાં પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દ્વારા મતબેંકની રાજનીતિ અને ખાસ વર્ગની ખુશામત માટે ભાજપના કાર્યકર્તાઓ તથા આગેવાનો સામે નીચી કક્ષાની અને અશોભનીય ભાષાનો પ્રયોગ કરવામાં આવ્યો છે. જે અત્યંત નિંદનીય, દુર્ભાગ્યપૂર્ણ અને સમાજમાં દ્રેષ ફેલાવનારૂ છે.

ભારતીય રાજનીતિમાં વિચારોની અને મુદાઓની લડાઈ હોવી જોઈએ. અને તે લોકશાહીનું સૌદર્ય પણ છે. પરંતુ કોઈ ખાસ વર્ગને ખુશ કરવા માટે હિન્દુ સમાજ અને ખાસ કરીને ભાજપનાં કાર્યકર્તાઓ તથા આગેવાનો માટે અપમાનજનક શબ્દોનો પ્રયોગ કરવો એ નબળી અને વિકૃત માનસિકતાનું સ્પષ્ટ પ્રતિબિંબ છે.

તેઓ દ્વારા અપનાવવામાં આવતી મતબેંક કેન્દ્રિત રાજનીતિ સમાજને વહેંચવાની અને લોકો વચ્ચે તણાવ ઉભો કરવાની નીતિ છે. ભાજપના કાર્યકર્તાઓ વર્ષોથી સેવા, સંઘર્ષ અને વિકાસના કાર્યમાં સતત જોડાયેલા રહયા છે. આવા કાર્યકર્તાઓને નિશાન બનાવીને અપમાનિત કરવું એ માત્ર ભાજપનું નહીં, પરંતુ લોકશાહી મૂલ્યોનું પણ અપમાન છે.

અમે તેઓ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપીએ છીએ કે, રાજકીય લાભ માટે સમાજમાં વિખવદ ઉભો કરવાની અને અપમાનજનક ભાષા વાપરવાની આ રીત બંધ કરે. જનતા હવે આવા ''મતબેંકના તલવા ચાટતા'' નેતાઓની અસલ નીતિ અને માનસિકતા સમજી ચુકી છે.

ભાજપ કાર્યકર્તાઓ કોઈની ધમકી કે અપમાનથી ડરતા નથી. અમે વિકાસ, સંસ્કાર અને રાષ્ટ્રહિતના માર્ગે અડગ રહીને જનસેવ માટે સતત કાર્ય કરતા રહીશું. તેમ એક નિવેદનમાં રજત ડોબરીયા, જીજ્ઞેશ સાવજ અને અનિરૂધ્ધસિંહ રાઠોડે જણાવેલ છે.

## જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા તમામ વ્યવસ્થા ઉભી કરી દેવાઈ

# અમરેલી જિલ્લામાં ધો. ૧૦ અને ધો. ૧૨ ની પરીક્ષાનો ધમધમાટ

### જિલ્લામાં કુલ ૩૩૪૦૦ વિદ્યાર્થીઓ ધો. ૧૦ અને ધો. ૧૨ ની પરીક્ષા આપવા સજજ

### ધો. ૧૦ની પરીક્ષા માટે અમરેલી અને સાવરકુંડલા બે ઝોન પાડવામાં આવ્યા

### અમરેલીમાં ૧૪ કેન્દ્ર, ૪૯ બિલ્ડિંગ, સાવરકુંડલામાં ૧૪ કેન્દ્ર અને ૪૪ બિલ્ડિંગ

### ધો. ૧૨ ની પરીક્ષા પાંચ કેન્દ્રમાં ૧૨ બિલ્ડિંગમાં લેવામાં આવશે

અમરેલી, તા. ૬

દર વર્ષે માર્ચ મહિનાથી પરીક્ષાની મોસમ ખુલે છે. પરંતુ ચાલુ વર્ષે ફેબ્રુઆરી મહિનામાં જ ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાની શરૂઆત થશે. જેને લઈ પરીક્ષાર્થીઓ, સ્કૂલ તથા રાજય પરીક્ષા બોર્ડ દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવેલ છે.

માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાનો કાર્યક્રમ અગાઉ જ જાહેર થયા મુજબ અમરેલી જિલ્લા ડી.ઈ.ઓ. કચેરી પરીક્ષાના આયોજન માટે સજ્જ બની છે. જિલ્લામાં કુલ ૩૩,૪૦૦ વિદ્યાર્થીઓ ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા આપવા માટે સજ્જ થઈ ગયા છે.

આગામી તા. ૨૬ થી પરીક્ષાના જુદા જુદા તબક્કા શરૂ થનાર છે. ધોરણ ૧૦ અને ૧૨ની ફાઈનલ એકઝામની પુરજોશથી તૈયારી કરી રહ્યા છે. તેવા સંજોગોમાં શિક્ષણ વિભાગે પણ આ પરીક્ષાની તૈયારી પુરજોશમાં શરૂ કરી છે. અમરેલી જિલ્લામાં ૧૦,૪૦૦ છાત્રો ધોરણ ૧૦ની પરીક્ષા આપશે.

આ અંગે શિક્ષણ વિભાગના સુત્રોએ જણાવ્યું હતું કે, ધોરણ ૧૦ની પરીક્ષા માટે અમરેલી અને સાવરકુંડલા બે ઝોન પાડવામાં આવ્યા છે. અમરેલી ઝોનમાં ૧૪ કેન્દ્ર પર ૪૯ બિલ્ડીંગ, જયારે સાવરકુંડલા ડીવીઝનમાં ૧૪ કેન્દ્ર પર ૪૪ બિલ્ડીંગમાં ધોરણ ૧૦ની પરીક્ષા લેવાશે. આમ સમગ્ર જિલ્લામાં ૨૮ કેન્દ્રમાં ૯૩ બિલ્ડીંગમાં ધોરણ ૧૦ની પરીક્ષા લેવાશે.

જયારે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા અમરેલી ઝોનના ૩ કેન્દ્રમાં જુદી જુદી ૮ બિલ્ડીંગમાં લેવાશે અને સાવરકુંડલા ઝોનના ૨ કેન્દ્રમાં ૪ બિલ્ડીંગમાં લેવાશે. આમ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા જિલ્લામાં ૫ કેન્દ્રમાં જુદા જુદા ૧૨ બિલ્ડીંગમાં લેવાશે.

ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા અમરેલી ઝોનના ૭ કેન્દ્રમાં ૨૦ બિલ્ડીંગમાં તથા સાવરકુંડલા ઝોનના ૮ કેન્દ્રમાં ૩૦ બિલ્ડીંગમાં લેવાશે. આમ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં કુલ ૧૫ કેન્દ્રો રહેશે. આ કેન્દ્રો પર જુદી જુદી ૫૦ જેટલી શાળામાં પરીક્ષાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

શિક્ષણ વિભાગના સુત્રોએ એમ પણ જણાવ્યું હતું કે, ગુજકેટની પરીક્ષા જિલ્લામાં એક માત્ર અમરેલી કેન્દ્રમાં લેવાશે. અમરેલી શહેરમાં જુદી જુદી ૧૧ શાળામાં આ માટે બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પ્રેકટીકલ પરીક્ષા અમરેલી ઝોનમાં ૩ કેન્દ્રમાં ૫ જેટલાં બિલ્ડીંગમાં લેવામાં આવશે. આવી જ રીતે આ પરીક્ષા સાવરકુંડલા ઝોનમાં ૨ કેન્દ્રમાં જુદી જુદી ૨ બિલ્ડીંગમાં લેવાશે.

અમરેલી જિલ્લામાં યોજાનારી બોર્ડની પરીક્ષામાં દરેક પરિક્ષા કેન્દ્ર ઉપર સીસીટીવી કેમેરા રાખવામાં આવશે અને પરીક્ષાખંડમાં સીસીટીવી કેમેરા લગાવવા ઉપરાંત સ્થાનિક પોલીસ દ્વારા પણ બંદોબસ્ત ગોઠવવામાં આવશે.

## અમરેલીનાં ચાવડા પરિવાર દ્વારા શ્રધ્ધાભેર

# સુપ્રસિધ્ધ પ્રથમ જયોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવ મંદિરે રવિવારે ધ્વજા રોહણ કરાશે

### રાજય ઉર્જામંત્રી કૌશિક વેકરીયાનાં વરદ્હસ્તે થશે ધ્વજારોહણ

અમરેલી, તા. ૬

અમરેલી ભાજપનાં અગ્રણી હિરેન ચાવડા અને દક્ષાબેન ચાવડા ધ્વારા આગામી રવિવારને ૮ ફેબ્રુઆરીનાં સાંજે ૫ કલાકે પ્રથમ જયોતિર્લિંગ શ્રી



સોમનાથ મહાદેવને ધ્વજારોહણ કરવામાં આવશે.

રાજયનાં ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીનાં વરદ્હસ્તે ધ્વજારોહણ કાર્યક્રમનું આયોજન કરવામાંઆવેલછે.

## નાગરિકોનો મતદાનનો અધિકાર છીનવવાનો પ્રયાસ

# અમરેલીમાં ચાલતી S.I.R.ની કામગીરીને લઈને શહેર કોંગી પ્રમુખે પોલીસમાં અરજી કરતાં ચકચાર

### પાંચ વ્યકિતઓ વિરૂધ્ધ કાર્યવાહી કરવા માંગ કરવામાં આવી

અમરેલી, તા. ૬

અમરેલી શહેર કોંગ્રેસ પ્રમુખ સંદિપ ધાનાણીએ સિટી પોલીસ સ્ટેશનમાં પાંચ વ્યકિતઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરેલ છે.

તેઓ આપેલ લેખિત અરજીમાં જણાવેલ છે કે, વર્તમાનમાં રાજય ચૂંટણી પંચ ધ્વારા થતી મતદાર સુધારણા કામગીરી સબબની કામગીરીમાં અમુક તત્વો ધ્વારા હૈયાત



વ્યકિતનાં સ્થળ, સરનામા ફેરફાર, ઉમર વર્ષની વિગતો તેમજ અન્ય ખોટી વિગતો ઉભી કરાવીને ચૂંટણી પંચની કામગીરીના ભાગરૂપે ફોર્મ નં. ૭ની ફોર્મની વિગતમાં ખોટી રજુઆત કરી ખોટી માહિતી રજુ કરી ખોટા એકરારનામા કરી કરાવીને સાચા મતદારનાં સાચા સરનામા તમામ વિગત ખરી હોઈ તેમ આરોપીઓ જાણતા હોવા છતાં ચૂંટણી પંચની કાર્યવાહી ખોરંભે પાડવાની કાર્યવાહી કરીને સાચા મતદારોને મળવા મતદાનના હકકથી વંચીત રાખવા, પોતાના કૃત્યોની મલીન ઈરાદો પાર પાડવા થયેલ કૃત્ય કાર્યવાહી સબબ પાંચ વ્યકિતઓ ધ્વારા અમરેલી શહેર વિસ્તાર, માર્કેટયાર્ડ કે અન્ય ચોકકસ સ્થળ ઉપર એકઠા થઈ ચૂંટણી પંચની તમામ પ્રકારની કામગીરીમાં ખલેલ કે અડચણ કરવાના મલીન ઈરાદા પાર પાડવા ચોક્કસ જગ્યા ઉપર ચોક્કસ સ્થળે એકઠા થઈ ફોર્મ નં. ૭ની વિગતમાં ખોટી વિગતો ઉભી કરી ફોર્મમાં પોતાની જાતે સહી કરી પોતાનાં મત પત્રકની વિગત જાહેર કરી કરાવી દર્શાવેલ તમામ વ્યકિત તથા આઠ થી દસ વ્યકિતઓ એકઠા થઈ તેઓએ ભારતીય નાગરિકને લોકશાહીના તમામ પ્રકારની કામગીરીમાં ભાગ લેવા માટે મળેલ અધિકારથી વંચીત રાખવા, ભર્યકર પ્રકારના કૃત્ય કરી કરાવી ફોર્મ નં. ૭થી કામગીરી સબબ તેમજ અન્ય કાર્યવાહી સબબ ગુન્હો આચરેલ હોય. તેઓ વિરૂધ્ધ તમામ પ્રકારની કાર્યવાહી કરવા માંગ કરેલ છે.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

PRIME PROPERTY
રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
જયદિપ રાયઠઠ્ઠા
Mo. 93770 03636


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦
























# પ્રેમ માત્ર સ્ત્રી જ નહિ ભગવાન, પરિવાર, માનવતા માટેનો આધ્યાત્મિક શબ્દ છે

## પગદંડી/લેખન



– પ્રિન્સી./ટ્રસ્ટીશ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )

પ્રેમ શબ્દ તો એટલો છીછરો, ટૂંકો, ચૂંથાય ગયેલો છે કે બોલતાં પણ સો વખત વિચાર કરવો પડે. પ્રેમનો કોઈ વિરોધ કે વિરોધી હોય શકે જ નહિ. પણ આજકાલ પ્રેમ શબ્દ સાંભળતાં કે બોલતાં ગલગલિગાં થવા માંડે. આંખમાં સાપોલિયા સળવળવા માંડે. મનભમરો માંડે ગુંજારવ કરવા. એમાંય આજકાલ સોશ્યલ મીડિયાએ તો હદ વટાવી દીધી છે. ઊઠતા વેત છાપાઓમાં હેડ લાઈન હોય. બાળકો, યુવતી, સ્ત્રી, વૃધ્ધ સાથે બળાત્કાર થયેલા સમાચાર વાંચવા મળે. એનાથી આઘાતજનક તો છે કે નાની, ઊગીને ઉભી થતી બાળકી, દીકરીઓ સાથે નરાધમો કેવું કેવું કરે છે એટલું જ નહિ મારી પણ નાંખે. પોતાની આબરૂ ન જાય માટે પણ આવા લોકો માટે આબરૂ, માન, મર્યાદા, ઈજજતનો સવાલ જ ઊભો થતો નથી. કારણ કે એમણે જે કાર્ય હાથ ધર્યુ. અંજામ આવ્યો ત્યારે જ આબરૂના ધજાગરા થયેલા. પોલીસે તો પછી પર્દાફાશ કર્યો.

આવી વાતો વાંચીએ છીએ,. સાંભળીએ છીએ ત્યારે મન ચકડોળે ચડી જાય છે ને હે ભગવાન આ કયારે અટકશે ? આવું શા માટે થાય છે ? એની પાછળનું કારણ શું છે ? કોણ જવાબદાર ? આ બધાં પ્રશ્નો મુંજવણનાં જવાબોની આંગણી ફકત ને ફકત આપણી તરફ જ ચિંધાય છે.


આપણે માતાપિતા તરીકે કયારેય બાળકોને શીખામણ, સંસ્કાર, ધર્મ, શિક્ષણની સારી વાતો કરી ? ઘરનું વાતાવરણ બાળકો પર વધુ અસર કરતું હોય છે. બાળક હજી ઘોડિયામાં હોય ત્યારથી મા–બાપ મોબાઈલ પકડાવી દે છે. હજી મા–બાપને પરિવારને બાળક ઓળખતું થયું નથી. ત્યાં એ મોબાઈલની રંગીલ દુનિયાથી પરિચિત થઈ જાય છે. અને પછી બાળક મોબાઈલનું આદી બની જાય છે. એને છાનું રાખવાનું તમને કામ કરજા દે માટે એને ન છૂટકે મોબાઈલ પકડાવવો જ પડે છે. પછી એનું પરિણામ શું આવે ? આપણે જાણીએ જ છીએ ?

આજની ઊગીને ઊભી પડી નવી પેઢી પ્રેમ એટલે સેકસ, કારણ કે એની પાસે બચપણથી જ એવું પીરસવામાં આવ્યું છે ને આધુનિક પરિવારો રંગીલા દેશોના આંધળા અનુકરણમાં એવા ગળાડુબ રહે છે કે બાળકોનો ખ્યાલ જ રહેતો નથી. પણ જયારે પાણી માથા પરથી વહી જાય છે. ત્યારે રડવા બેસે છે ને આ બધુ સાચવવા નીતનવા નુસખાં શોધતાં ફરે છે.

આજકાલ બાળક, યુવાન, યુવતીઓ, માતા–પિતા સાથેનો પ્રેમ, ભાઈભામી વચ્ચે પ્રેમ, ભાઈ–બહેનો પ્રેમ મિત્ર સાથેનો પ્રેમ પરિવાર સાથેનો પ્રેમ એમના શબ્દોકોશમાં જ નથી. એમને તો પેલા કમળો થયો હોય એમ યત્રતત્ર સર્વત્ર પ્રેમ નામે શારીરિક સંબંધો જ નજરે પડે છે અને એવા છીછરા પ્રેમને અંજામ આપવા ગમે તેવું પગલુ ભરી બેસે છે.

ખેર, આ વિષય જ એવો છે કે, પેન અટકવાનું નામ જ લેતી નથી. રામ, કૃષ્ણ પણ એમના જમાનામાં યુગમાં પુરા પ્રેમી જ હતા. છતાં કયારેય આજની પેઢી જેવું કોઈ આછકલું પગલું ભર્યુ એવુ સાંભળ્યુ છે કે વાંચ્યુ છે ? એમના આદર્શ શુધ્ધ પ્રેમની વાતોને ઉદાહરણ આજ યુગોથી દેવાય છે. યુગોથી રામાયણ, ભાગવત કથાઓ થાય છે પણ ફળશ્રુતી શું ? ઉલટાનો સમાજ એમ કહે છે ભગવાન કૃષ્ણે તો ૧૧૦૮ રાણીઓ કરેલી. તો અમે કેમ ઊણા ઊતરીએ.

મિત્રો ખૂબ વાત કરવી છે એક એવા યુવાનની કે જે આપણી વચ્ચે છે રહે છે ને પ્રેમના ગુઢાર્થને સમજી ગોરિયો ગમાણે આવ્યો છે એમનું નામ છે વિમલ પટેલ જોકે પ્રેમભગી થયેલ છે આ ત્યારપછી અનુભવની વાતો છાપી છે શરૂઆતમાં તો ડિપ્રેશનમાં આવી ગયેલ. દવા ચાલુ હતી. મારો સંપર્ક થયો. હિંમત આપી. પ્રેમ આવ્યો ને વળતાં પાણી થયાં. બે – ત્રણ કુલસ્કેપ ચોપડાં ભરીને આપી ગયેલ. પણ વાંચતા એવું લાગે કે કોઈ ભાંગ પીવે જે વાતનું રટણ થઈ જાય તેને તે વળગી રહે. દોહરાવ્યા કરે. આ ભાઈ વિમલની પણ એવી જ દશાને સ્થિતિ હતાં. પછી મે એને પતિનાં અનુભવો લખવા પ્રેર્યો વિમલે એટલું બધુ લખ્યુ કે એનું મન હળવું થઈ ગયું ઊભરો ઠલાઈ ગયો. દરિયો શાંત થયો. દરિયાના પાણીમાં ખરાબે ચડી ગયેલું વહાણ શાંત થયું. પહેલાં તો એનું જીવન




અસ્તવ્યસ્ત થઈ ગયેલુ માંડ પાટે ચડયુ છે. પછી એણે વેન લીધું કે મારે પુસ્તક છપાવવું છે મેં એને ધીરજ ધરવા કહ્યું પણ માને કયાંથી મનમાં પેલો પ્રેમનો મહાસાગર ઘૂઘવતો હતો. ને અંતે પુસ્તક છપાવ્યું શીર્ષક જ છે ''પ્રેમનો મહાસાગર''.

આ પુસ્કત ''પ્રેમનો પુસ્તક મહાસાગર–૨૦૨૫માં પ્રકાશિત થયું.'' એની કિંમત ૧૦૦/– છે આવો થોડી વાતો આ પુસ્તકમાં છપાયેલી છે એ જોઈએ શકય છે મારા કરતાં તમને ગમે પણ ખરૂં. લેખક વિમલ માતરિયા પ્રસ્તાવામાં લખે છે :

પ્રેમનો મહાસાગર ભાગ–૧ આમા ટૂંકમાં સમજાવવામાં આવ્યુ છે. પ્રેમને સમજવા માટે પુરૂ પર્યાપ્ત જ્ઞાન છે. પ્રેમનો મહાસાગર ભાગ–૨ જો બનશે તો તેમાં વિસ્તારથી સમજાવવામાં આવશે. ભગવાનની ઈચ્છા હશે તો. આમ તો મને સંગીત અને ચિત્રનો શોખ હતો. બુકનુ જે પહેલુ પેઈઝ છે તેમાં જે ચિત્ર છે તે મારૂ બનાવેલું પેન્ટીંગ જ છે. પણ સમયના ચક્રમાં મારે લેખન કરવા મજબુર થવુ પડયું. જે લેખનમાં હું અત્યારે પણ નબળહો છું. પણ ભગવાન મને જે વિચારોને જીવનમાં અનુભવ પ્રદાન કરે છે તે હું તમને આપવા મજબુર થાવ છું. જે જ્ઞાનથી હું તમારા જીવનનો રસ્તો કદાચ સરળ કરી શકુ. જયારે હું પ્રેમમાં હતો ત્યારે મારી પાસે પ્રેમને સમજવા આવી સરળ બુક ન હતી.

મને તો તેમ થાય છે કે પ્રેમ શબ્દ થી લોકો કેટલા ભાગતા હોય છે ને પ્રેમ શબ્દને સ્ત્રીને પુરૂષના મેળાપ વચ્ચેનો જ શબ્દ ગણવામાં આવે છે જયારે પ્રેમ તો આધ્યાત્મી કશે જે પરિવાર ભગવાન મિત્ર કે અન્ય સાથે જીવન સહેજ તાથી જીવી શકાય અથવા પરમાત્મા સાથેનું જોડાણ થવા માટે પ્રેમની ઘણી જરૂર હોય છે જેમાં મહત્વનો પ્રેમ સ્ત્રીને પુરૂષ સાથે વધારે ભાગીદાર થાય છે ને જીવનનો વધારે સમય બંને સાથે જ રહેશે જેથી પણ લોકો પ્રેમ શબ્દને બદનામ કરતા રહેશે સ્ત્રી પુરૂષ વચ્ચેનો પ્રેમ અઘરોને જટિલ હોવાથી લોકો સમજી શકતા નથી જે હું આ બુકમાં સમજવાનો પૂરો પ્રયત્ન કરીશ.મારા જીવનના અનુભવ પછી બહાર આવેલુ જ્ઞાન છે. કોઈ પુસ્તકનું જ્ઞાન નથી. મોકો મળશે તો મારા જીવનની પ્રેમ કહાની પણ તમારા સામે રજુ કરીશ. સમગ્ર પુસ્તકમાંથી કેટલીક ટૂંકી સુત્રાત્મક વાતો, અનુભવો મારે ટાંકવા છે એ વાંચ્યા લાગશે કે આ તો ' ઓછો' બોલે છે કોઈ આધ્યાત્મિક વ્યકિત દ્રૃષ્ટિએ આવો અનુભવ થાય. આવો થોડાં ''પ્રેમ મહાસાગરની વાછા માણીએ.''

(૧) પ્રેમ આપણી અંદર રહેલા સારા વિચાર, સારા ગુણ અને સારી ઊર્જા છે.

(૨) જો તમને કોઈ વ્યકિત પ્રત્યે પ્રેમ છે અને તે પ્રેમમાં ખુશીનો એટલો વેગ છે કે, જો તમારી સામે ભગવાન ખુદ આવે ત્યારે તમે નકિક ન કરી શકો કે આ ખુશીનો વેગ વધારે મહત્ત્વનો છે કે, સામે ઊભેલા ભગવાન વધુ મહત્ત્વનાં છે ?

(૩) પ્રેમદષ્ટિથી આપણું મન શરીર નહિ આનંદ જુએ છે ને તેને જ સાચો આનંદ દેખાય છે.

(૪) માણસમાંથી જો પ્રેમ કાઢી લેવામાં આવે તો તે જનાવર થઈ જાય.(૫) પ્રેમનો અનુભવ જ સાચી પ્રેમની વ્યાખ્યા છે.

(૬) પ્રેમ તમને શુધ્ધ કરીને એક નવું જીવન આપે છે.

(૭) પ્રેમ કરો તો ખુદને કરો. (૮) દુનિયામાં જો ભગવાને સુંદર વસ્તુ બનાવી હોય તો તે સ્ત્રી છે. તેનું ઘડતર આપણી અંદર પણ કરેલું છે.

(૯) સ્ત્રી પુરૂષનું અંગ છે, પુરૂષ સ્ત્રીનું અંગ છે આંતરિક રીતે.

(૧૦) જો ભગવાન ઉપર ભરપુર વિશ્વાસ રાખવામાં આવે તો માણસ ઘણા દુઃખોથી રાહત મેળવી શકે છે.

(૧૧) સંગીન અને નૃત્યને ખુબ જ ગહેરો નાતો છે.

(૧૨) બધું જ આપણાં હાથમાં હોતુ નથી.

(૧૩) વ્યકિત જયારે પોતાના સંતાનને જીવન આપે છે, તો એટલુ યાદ રાખવું જોઈએ કે તે તેના સંતાનને જીવન આપે છે તો એટલુ યાદ રાખવું જોઈએ કે તે તેના સંતાનને મૃત્યુ પણ સાથે આપે જ છે.(૧૪) જે માણસ ઈમાનદારીથી મહેનત કરીને જે રૂપિયા કમાય છે તે રૂપિયા, રૂપિયા નથી પણ તે માણસની મહેનત છે જે રૂપિયા યોગ્ય રીતે વાપરવા જરૂરી છે.

તો મિત્રો, આ છે ભાઈ વિમલ પટેલ (માતરિયા) ના પ્રેમ, આધ્યાત્મિકતાના, વિજ્ઞાન, સંગીત વિશેનાં વિચારો એમાં સંમત થવું કે ન થવું એ અલગ વાત છે. પણ જો કિનારે બેસી પ્રેમ મહાસાગરમાં ડૂબકી મારવી જ રહી. પછી જો કદાચ વિમલ પટેલ સાથે પ્રેમની ઝોલી ભખે ભરાવી પ્રેમની ભીક્ષા માંગવા નીકળી પડાશે.

આ રીતે હિંમતપૂર્વક વિમલભાઈએ પ્રેમનો એકરાર કરી. જેની સાથે પ્રેમ થયેલો એ ન મળવા એક તરફી પ્રેમમાં પાગલ બની પ્રેમ સાગરમાં હજી ડુબાકિયુ ભલે રૂબરૂ નહિ તો ફોનથી એક વખત હાય હલો કરી લેવા જેવા યુવાન તો છે જ લો આ રહ્યો દુરભાષ નં : ૯૮૨૫૩૫૮૬૪૮.

ભાઈ વિમલનાં આ હિંમતની ભરેલ પગલાને તથા સમાજને પ્રેમનો મહાસાગર પુસ્તક આપવા બદલ અભિનંદન તેને આવકારતા આંનદ થાય છે.

**– રવજીભાઈ કાચા**



# બાલ એકસપ્રેસ

સંપાદક : રવજીભાઈ કાચા, અમરેલી



– ઉખાણા
– બાળ વાર્તા
– જોડકણા
– બાલગીત
– જોકસ

## નિઃસ્વાર્થ સેવાથી જ હૃદયસ્પર્શ – બળવંતસિંહ

### ગાંધી–ગંગા

(બે ભાગમાંથી પસંદ કરેલું આચમન)

સંપાદક : મહેન્દ્ર મેઘાણી

એક ખાસ દિવસે દેવી આગળ બકરાનો બલિ ચડાવવાનું કામ સાવલી ગામમાં સમૂહગત રીતે થતું હતું. બધા લોકો એક એક બકરો લઈને ત્યાં જતા અને દેવી સમક્ષ તેને કાપીને પછી તેનું માંસ રાંધીને ખાતા. એનું સઘળું વર્ણન મેં બાપુજીને લખ્યું હતું. એ ઘણું ભયાનક દશ્ય હતું. ઝાડે ઝાડે બકરા ટાંગવામાં આવ્યા હતા. મારા પત્રના જવાબમાં બાપુએ આ પ્રમાણે લખ્યું હતું :વર્ધા, ૧૭–૯–૧૯૩૫ ચિ. બળવંતસિંહ, દેવી આગળ બકરાઓના ભોગનું વર્ણન દુઃખદ છે. એ સદીઓની ભ્રમણાને આપણે એક ક્ષણમાં દૂર કરી શકીએ નહીં. લોકો સમજી શકે એવી સેવા જયાં સુધી આપણે તેમની કરી નથી, ત્યાં સુધી આપણી વાત સાંભળવા માટે તેમનાં હૃદય તૈયાર નહીં થાય. બુદ્ધિનો વિકાસ તો એના કરતાં પણ કઠણ છે. નિઃસ્વાર્થ સેવાથી હૃદયસ્પર્શ બહુ જલદી થઈ શકે છે. એટલા માટે આજે તો આપણે એ દેવીઓને બકરાનો ભોગ ચડાવનારાઓમાં સેવાકાર્ય કરવાનું છે. મોકો મળતાં તેમનો ભ્રમ દૂર કરાવીશું.

યાદ રાખો કે જે દશ્ય તમે નિરક્ષર લોકોમાં જોયું, તે જ દશ્ય ભણેલા લોકોમાં કલકત્તામાં જોવામાં આવે છે, અને ઘણા મોટા પ્રમાણમાં.

**બાપુના આશીર્વાદ**

## ઈશ્વરનાં સર્જક આપણે



આખુંય જગત આ બૂમ પાડી રહ્યું છે કે અમારો તારણહાર મનુષ્ય ક્યાં છે ? અમને એક સાચા માણસની પ્રતીક્ષા છે. પણ હું કહું છું કે આવા પુરૂષ માટે તમે દૂર દૂર તપાસ કરશો નહીં. તેવો મનુષ્ય તમારી સમીપમાં જ છે, અને તે બીજું કોઈ નહીં પણ તમે પોતે જ છો, હું છું અને આપણામાંનો પ્રત્યેક જણ છે. એક મનુષ્યને સાચો મનુષ્ય કેમ બનાવવો ? જો તેના પોતાનામાં જ તેવા બનવાની ઈચ્છા ન જાગે તો તે બનવા જેટલું અઘરૂં કામ બીજું કોઈ નથી. પણ જો તેનામાં સાચા મનુષ્ય બનવાની ઈચ્છા જાગી શકતી હોય તો તેને માટે એવા બનવા જેવું સહેલું કામ પણ બીજું કોઈ નથી.પશુ–પંખીઓ ધૂળમાં પોતાની નિશાની મૂકતાં જાય છે, પવન પોતાનું ગુંજન વૃક્ષ–પર્ણો પર છોડી જાય છે, પુષ્પો પોતાનું માધુર્ય સુગંધ દ્વારા પ્રસારી જાય છે, મોસમ પોતાના હસ્તાક્ષર ખડક કે રેતી પર મૂકી જાય છે, નદી પોતાની સ્મૃતિ, દિલની વિશાળતા કાંઠાના તટ–પ્રદેશ પર પાથરી જાય છે. આપણે પણ આપણા હસ્તાક્ષર આપણી પાછળ મૂકતા જઈએ છીએ. પ્રેમનું વાતાવરણ કે ધિક્કારનું, શાંતિ કે અશાંતિનું, ગુસ્સા જુસ્સાનું કે દયા કઢણાનું, વેર–ઝેર, દગા–ફટકાનું કે પ્રેમ–આનંદનું. ઈરના સર્જક આપણે અન્ય વ્યકિતના હૈયા પર રોજેરોજ આપણા વર્તનની જે છાપ અંકિત કરીએ છીએ તે ક્યારેય મીટાવી શકાતી નથી.

**– એલેકઝાંડર ડૂમા**
**(સ્ત્રોત : 'માનવ')**

## મને તારી યાદ આવે

હૈયુ રે હે માળો મા તું,
દયાનો મીઠો દરિયો તું.
અમી વરસે
આંખલડીયે જો.
વરસે અષાઢી હેલી જો
તારી તોલે કોઈ ન
આવે જો
મારી જન્મની દેનારી
મા
મને તારી યાદ બહુ
આવે મા,

**મકવાણા રોમિલ**
**ધો. ૮, રૂપાયતન**
**પ્રા. શાળા**

## કોની આંખમાં શું

(૧) માતાની આંખમાં – વાત્સલ્ય
(૨) પિતાની આંખમાં – કર્તવ્ય
(૩) ગુરૂની આંખમાં – જ્ઞાન
(૪) વીરની આંખમાં – નીડરતા
(૫) મિત્રની આંખમાં – સહાયતા
(૬) વિધવાની આંખમાં – ત્યાગ
(૭) બાળકની આંખમાં – નિર્દોષતા
(૮) સંતની આંખમાં – ક્ષમા
(૯) પત્નીની આંખમાં – પ્રેમ
(૧૦) ભાઈની આંખમાં – દયા
(૧૧) બહેનની આંખમાં – હેત
(૧૨) કવિની આંખમાં – કલ્પના

## કોણ શું કહે છે

(૧) ઘડિયાળ–સમય ચુકશો નહીં
(૨) ધરતી – સહનશીલ બનો
(૩) દરિયો – વિશાળ દીલ રાખો
(૪) વૃક્ષ – પરોપકારી બનો
(૫) કીડો – સંગઠન બળ કેળવો
(૬) કુકડો–વહેલા ઉઠી કામે લાગો.
(૭) બંગલો–કાર્યમાં ચિત્ત પરોવો
(૮) સુર્ય – નિયમિત બનો.
(૯) મધમાખી – ઉદ્યમી બનો
(૧૦) કોયલ –મીઠા વચનો બોલો
(૧૧) કૂતરો –ધંધામાં વફાદાર રહો
(૧૨) કાગડો – ચતુર બનો
(૧૩) ગુલાબ – દુઃખમાં પણ હસતા રહો
(૧૪) દીવડો – પોતે બળી ઉજાશ આપો

## માર્ગ વાહન વ્યવહારના નિયમો

વિદ્યાર્થી : સાહેબ, સ્ટોપ લાઈન લેન ડિસિપ્લિન, વન વે–સ્ટ્રીટ વિશે જણાવશો ?

શિક્ષક : હા મિત્રો, ચાર રસ્તા ભેગા થતા હોય ત્યાં અથવા

### નવી પેઢી - નવો સંકલ્પ

### સલામત માર્ગ



મુખ્ય રસ્તા પર આવતાં પહેલા દોરેલી સ્ટોપ લઈન આગળ હંમેશા ઊભા રહો કેમ કે મુખ્ય રસ્તા ઉપર અચાનક પ્રવેશ કરવાથી અકસ્માત થવાની શકયતા વધી જાય છે.

બીજું કે માર્ગ પર જુદી જુદી લેન પાડેલી હોય ત્યારે આપણે આપણી જ લેનમાં વાહન ચલાવવું જોઈએ. જો લેન બદલવાની જરૂર જણાય તો અગાઉથી યોગ્ય સિગ્નલ આપી લોન બદલવી. બાકી અચાનક સિગ્નલ આપ્યા વિના કયારેય લોન બદલવી નહિ અને વાહન હંમેશા વન–વે સ્ટ્રીટ નિયત દિશામાં જ ચલાવવું. સંકટ સમયે સહાયક વાહનો, ઈમરજન્સી વાહનો, અગ્નિશામક વાહન કે ૧૦૮ એમ્બ્યુલન્સને હંમેશા અગ્રતા આપી આગળ જવા દેવા જોઈએ.

## ઈશ્વરના કાર્યની ટીકા કરશો નહીં

### માનસિક શાંતિનાં સચોટ ઉપાયો

લેખક શ્રી સેન.અનંતનારાયણન્

ઈશ્વર પ્રત્યેક પ્રસંગ, ઘટના કે બનાવનો સમગ્રદષ્ટિએ વિચાર કરે છે, જયારે મનુષ્ય તેનો મર્યાદિત દષ્ટિએ જ વિચાર કરે છે. ઈશ્વર ઘટનાઓનો વર્તમાન, ભૂત અને ભવિષ્યકાળની સમગ્ર દષ્ટિએ વિચાર કરે છે, જયારે મનુષ્ય ભૂત અને ભવિષ્યને ધ્યાનમાં ન લેતાં વર્તમાનકાળની દષ્ટિએ જ ઘટનાઓને ઘટાવે છે. તેથી જ, જયાં મનુષ્યને વિસંવાદિતા દેખાય છે, ત્યાં ઈશ્વરને સંવાદિતા દેખાય છે જયાં મનુષ્યને તર્કનો અભાવ જણાય છે, ત્યાં ઈશ્વરને સંપૂર્ણ તર્કશુધ્ધતા જણાય છે. જરા તમારી જાતને, ઈશ્વરને સ્થાને મૂકી જુઓ. માનો કે તમે પોતે જ ઈશ્વર છો અને આખુયે વિશ્વ તમારૂ જ સર્જન છે, અને તમારી ઈચ્છા મુજબ તેનું સંચાલન થાય છે. આમ વિચારતાની સાથે જ તમને પ્રગાઢ શાંતિનો અનુભવ થશે અને તમારામાં શકિતનો મહાસાગર ઊછળ તો તમે અનુભવશો.

## હિન્દુ ધર્મની ઉત્તમ વસ્તુઓ

| | |
|---|---|
| (૧) પુસ્તકોમાં | – ગીતા |
| (૨) પ્રાણીઓમાં | – ગાય |
| (૩) પક્ષીઓમાં | – ગરૂડ |
| (૪) પ્રવાહીમાં | – ગંગાજળ |
| (૫) દેવોમાં | – ગણપતિ |
| (૬) ભોજનમાં | – કંસાર |
| (૭) પહાડમાં | – હિમાલય |
| (૮) વાહનોમાં | – રથ |
| (૯) તીર્થમાં | – કાશી |
| (૧૦) ફળોમાં | – નાળિયેર |
| (૧૧) નદીઓમાં | – ગંગા |
| (૧૨) છોડમાં | – તુલસી |
| (૧૩) નદીઓમાં | – ગંગા |
| (૧૪) ધર્મનું પ્રતિક | – ૐ |



બાલમિત્રો,

તમે નિશાળમાં ઋતુચક્ર વિશે ભણી ગયા હશો. એ ઋતુચક્ર કુદરતી છે. એનું સંચાલન સ્વયં, આપો આપ બદલાતું રહે છે. નાના બાળકો પ્રશ્ન કરતા હોય છે. કે આવો ઉનાળો કોણે મોકલ્યો ? તો કેટલાંક એવું પુછતા હોય છે, આ વરસાદ કોણ મોકલતું હશે ? આનાં કરતા શિયાળો સારો.

કઈ ઋતુ સારી ને કઈ ખરાબ એવા સવાલ આપણાને થતાં હોય છે. પણ જો ધ્યાન દઈને જોઈએ વિચારીએ તો સમજાશે કે ઈશ્વરે સર્જેલ ઋતુઓ અહાંત કામની, ઉપયોગીને યોગ્ય છે. એ ઋતુઓના આધારે આપણું સમગ્ર જીવન ટકી રહે છે.

તમે જાણતાં હશો કે ઉતર અને દક્ષિણ ધ્રૃવ પર શી સ્થિતિ હશે ? વિચાર્યુ છે કયારેય ? છ માસની રાત્રિ ને છ માસનો દિવસ એ લોકોનું જીવનચક્ર કેવું હશે ? દિવસને રાત્રિ અને રાત્રિને દિવસ સમજી કામ કરવું પડે છે.

વળી ઋતુ મુજબ ઉત્સવો, તહેવારો આવો. એ તહેવારો ઉજવતાં ઉજવતાં આગળ વધતા હોઈએ છીએ. કેવું સરસ ઋતુચક્ર કુદરતે નિર્માણ કર્યુ છે.



## દેડકો અને ખિસકોલી

એક હતો દેડકો અને એક હતી ખિસકોલી.એક દિવસ બંનેને ભાઈબંધી થઈ. રોજ બંને સાથે સાથે રમે ને મજા કરે. રમતાં રમતાં એક દિવસ દેડકો કહે :'ખિસકોલીબાઈ, ખિસકોલીબાઈ ! મારે તો પરણવું છે.' ખિસકોલી કહે : 'ઓહો એમાં તે કેટલી વાર ? ચાલને હમણાં જ પરણાવું ! તને પરણાવતાં કેટલી વાર ? કહે તો રાજાની દીકરી પરણાવું.'દેડકો કહે : 'ચાલ ત્યારે.'ખિસકોલીને દેડકાભાઈ તો ચાલતાં ચાલતાં રસ્તે એક મોટું તાડનું ઝાડ આવ્યું. ખિસકોલીબાઈને ઝાડે ચડવાનું મન થયું.

ખિસકોલી કહે : ' દેડકાભાઈ, તું ઊભો રહે. હું જરા આ ઝાડ ઉપર જઈ આવું !'દેડકો કહે : 'ત્યારે મનેય તું ઉપર લેતી જાને ?'ખિસકોલી કહે: 'તો બેસી જા મારા વાંસા પર ને પકડી રાખ.'દેડકોને ખિસકોલી ઝાડ ઉપર ચડ્યાં.દેડકાને તો ખિસકોલીએ એક પાંદડા ઉપર બેસાડ્યો. થોડી વાર થઈ ત્યાં તો ખિસકોલી સડપ દઈને નીચે ઊતરી ગઈ ને દેડકાભાઈ તો ઝાડ ઉપર ડોળા વકાસી રહ્યા :દેડકો મનમાં રહે :'પીચી પીચી સાથે દોસ્તી કીધી,તાડ ઉપર કીધો વાસો,

પરણવાનું તો કો કોરે રહ્યાં,પણ ઊતરવાનો સાંસો.'

ખિસકોલીબાઈ તો આગળ ચાલી, ને દેડકાભાઈએ ઉતાવળા થઈ પડતું મૂક્યું તે સોયે વરસ પૂરાં !

### બાલ કથાઓ



ગિજુભાઈ બધેકા
(બાલ સાહિત્યના બ્રહ્મા)

## 'ગ્રામોફોન કવીન' ગૌહરજાન



વીસમી સદીની શરૂઆતના દિવસોમાં કિમતી વસ્ત્રો અને અલંકારોવાળી જાજરમાન મહિલાને સાત ઘોડાવાળી બગીમાં બેસીને જતી જોઈને એ વખતના એક અંગ્રેજ અધિકારીએ પોતાની હેટ ઉતારીને માન આપ્યું હતું. કોઈ રાણી કે મોટા જાગીરદારની પત્ની બગીમાં હશે એવું તેને લાગેલું, પણ વાસ્તિવિકતા જાણતાં એ છોભીલો પડી ગયો હતો. બગીમાં શાસ્ત્રીય સંગીત તથા કથક નૃત્યને બહુજન સમાજ સુધી પહોંચાડવામાં મહત્ત્વનો ભાગ ભજવનાર ગાયિકા ગૌહરજાન હતી. ઠાઠમાઠથી રહેવાનું તેને ગમતું હતું. માતા મલીકાજાન પાસેથી તેને બચપણથી તાલીમ મળી હતી અને માત્ર ચૌદ વરસની ઉંમરે તેણે દરભંગામાં રાજા સમક્ષ કરેલી પ્રસ્તુતિ બાદ તો અનેક રાજયો તરફથી તેને આમંત્રણો મળતાં હતાં. ગ્રામોફોન કંપનીએ તેનું ૩ મિનિટનું પહેલું ગીત, એક જ વારમાં રેકોર્ડ કર્યુ હતું. તે એક ગીત માટે રૂ. ૩ હજાર લેતી હતી. જેનાં ગીતોની રેકોર્ડ બહાર પડે એવી એ પહેલી ભારતીય ગાયિકા બની હતી. તે ઠુમરી, દાદરા, કજરી, તરાના જેવા વિવિધ ખયાલો અને રાગોની પ્રસ્તુતિમાં નિષ્ણાત હતી. ૧૯૦૩થી ૧૯૨૦ સુધીમાં તેણે દશેક ભાષાનાં ૬૦૦ ગીતો ગાયાં હતાં. તેના પછીની ગાયિકાઓ શાસ્ત્રીય સંગીતની રજૂઆત માટે આ ગ્રામોફોન ક્વીનને અનુસરી હોવાનું કહેવાય છે.

**અવિનાશ મણિયાર, વડોદરા**

# જંગલમાં ટાબરિયાઓનો જંગ

ગાડી વિશે વિશ્વ આટલું બધું જાણતો હશે. એ બાબતે એની બહેન દિશાને પણ નવાઈ લાગી. તેને અત્યાર સુધી એવું જ લાગતું હતું કે જીપગાડીમાં વિશ્વ ખાસ જીદ કરીને આગળ જ બેસે છે ને બધું મચડ મચડ કરતો હોય છે. કયારેય ડ્રાઈવિંગ સીટ પર બેસીને વાઈપર, હેડ લાઈટની સ્વીચો ગિયર દાંડો હલાવે, કદી પગ દબાવી દબાવીને પાવડીઓ સાથે છેડછાડ કરે છે. કારનું બોનેટ ખોલી અંકલ કંઈક તપાસતાં હોય ત્યારે તેના હાથ પણ સળવળતા હોય છે. ને અંકલ તેને ભાગ્યે જ ઠપકારે છે. હા, આ પ્રવાસ દરમિયાન હું પણ ઘણી ઘણી કરામતો શીખી જઈશ. દિશા મનોમન ખુશ થઈ રહી. ધરા નકસલવાદની વાતો સાંભળીને ઊંડા વિચારમાં ગરકાવ થઈ હતી.એકાએક હીરોએ ચીસ પાડી. તે બિછાના પર ચડતાં મંકોડાઓ સાથે રમત રમતો હતો. ઘણાને છુટપટ્ટીથી ફટકારતો હતો, કચડતો હતો. આઘા ધકેલતો હતો. પકડતો પણ હતો. કાદચ એકાદ મંકોડાએ ચિમટો ભર્યો હતો. બે ત્રણ મંકોડાઓ પગની પીંડીએ ચીટકયા હતા. તેથી જ સહન ન થતાં તેણે ચીસ પાડેલી. ધરાએ તેને ઊંચકી લીધો. વિશુએ મંકોડાઓ દૂર કર્યા. દિશાએ જોયું કે તેના હોઠ પર લોહીનું ટીપું હતું. કદાચ તેણે એકદા મંકોડો ખાવાનો શોખ કર્યો હશે ને મંકોડાએ તેને ડંખ માર્યો હશે. એવું બની શકે. વિજયસિંહે હીરોને છાનો રાખવા હવામાં ઉલાળ્યો. ચાર પાંચ વાર ખડખડાટ હસતાં હસતાં ઉલાળ્યો એટલે હીરો પણ ડંખની વેદના ભૂલીને તેમની સાથે હસવા માંડયો. સૌના મુકત હાસ્યથી વાતાવરણમાં પ્રસન્નતા વ્યાપી ગઈ.

"ચાલો, હવે થોડુંક ચવાણું ખાઈ લઈએ. હું મારા માટે કોફી તૈયાર કરી દઉં છું. હીરો માટે દૂધ પણ ગરમ કરવું પડશે. ને ત્યાર પછી ત્રણ પથરાના ચૂલા ઉપર રસોઈ. હા..હા...હા...હા.."

નાયકે જાહેર કર્યું કે વિ તરત જ દોડ્યો ખાખરાનાં પાન તોડવા. પાતળી સળીઓ વડે પાંદડાં સાંધી બાજ તૈયાર કરી. દિશાએ સૌને જુદું જુદું ચવાણું પીરસ્યું. નાયકે ટચુકડી બેટરી સાથે ઈલેક્ટ્રિક કનેક્ટ કરવાં પ્લગ ભરાવ્યો. પારદર્શક બાઉલમાં દૂધ ગરમ કરવા મૂક્યું. ધરાએ એ દૂધ વાટકીમાં રેડ્યું. નાયકે હવે દૂધનાં પાઉડરના પેકેટ ઠાલવી દૂધ ચા કોફી બનાવવાની તૈયારી કરી. ધરાએ પારલે જી બિસ્કુટ દૂધમાં બોળી હીરોને ખવડાવવાની કોશિશ કરી. હીરો માટે આ બિલકુલ નવી વાનગી હતી. તેણે ધરાના હાથમાંથી બિસ્કુટછીનવી લીધી. ને દૂધમાં બોળી ટેસથી ચૂસવા માંડી. નાયકે સૂકાં તણખલાં ને પાતળ ાં ડિંગલાઓ વણી લાવવા માટે દિશા વિને કહ્યું. જમીન પર સૂકી ડાળ ખીઓ પુષ્કળ પ્રમાણમાં પડેલી હતી. તરત જ ઢગલો થઈ ગયો. પછી નાયકે ચૂલો કઈ રીતે સળગાવાય એ સમજાવતાં જઈને સળગાવ્યો. ગેસ અને ઈલેક્ટ્રીક ચૂલાથી ટેવાયેલા તેઓ માટે આ નવું શિક્ષણ હતું. પછી નાયકે તપેલીમાં પાણી ભરી બટાકા બાફવા મૂક્યા. ને આ રીતે થઈ રસોઈની શરૂઆત.

ડુંગરોની આડશને લીધે આમ પણ જંગલમાં સાંજ વહેલી ઢળ તી હોય છે. આમ પણ વાળું તેમણે અજવાળામાં જ પતાવી દીધું હતું. એ ઉજાસમાં જ વિજયસિંહે કેટલીક વસ્તુઓ જીપમાં મૂકી દેવાનું અને કેટલીક હાથવગી રાખવાનું શીખવી દીધું. જેમ કે ટોર્ચ, ચાકુ, ઓઢવાનું, પાણીની બોટલ, હીરો માટે દૂધની બોટલ વગેરે..... નાયકે કહ્યું કે હું જીપગાડી ની ઉપર સુઈ જઈશ અને તમારે ગાડીની અંદર જ સૂવાનું છે. શક્ય છે કે રાત્રે અંધારાનો તમને ડર લાગે. પણ આપણે અંધારાથી નહિ પરંતુ અંધારામાં નીકળતાં જીવજંતુઓ અને જાનવરોથી સાવચેત રહેવાનું છે. બફારાના જોખમે પણ બારીઓના કાચ ચડાવી દેવાના છે. સાવધાન ! નાની સરખી તિરાડમાંથી પણ જીવડાં ઘુસી જઈને નુકસાન કરી શકે છે. હું દંડુકો અને હથિયારો સાથે રાખીશ. આપણે તાપણું ચોવીસે કલાક સળગતું રાખવું જોઈએ. જંગલી જાનવરો આગથી ડરતાં હોય છે. અરે ! દીપડો, વાઘ, વરૂ, સિંહ જેવા હિંસક તાકાતવર જાનવરોને ભગાડવા માટે એકાદ સળગતું લાકડું પણ પૂરતું થઈ પડે છે. આ વાતચીત દરમિયાન જ હીરોએ ઉંહકારો કર્યો. ઊં..ઊં ઊં.....ઊં. ઊં... પછી એક બે ત્રણ.... ઉંહકારા ચાલું જ રહ્યા. વચ્ચે વચ્ચે એ પેટ પર હાથ ફેરવવા લાગ્યો.

"બચ્ચું રડે છે. એને મમ્મા જોઈએ છે," દિશા બોલી, ' 'ઓ..ઓ..ઓ...ઓ... મમ્મા આવે છે હોં. દૂધું પાશે હોં. ખોળામાં લેશે હોં; મમ્માનો લાડકો હીરો.... ઓ..ઓ..ઓ...ઓ...ઓ..."

"અરે, અરે ! એને પેટમાં ચૂંક આવે છે. એટલે એ રોવે છે. જો, એ પેટ પર હાથ ફેરવે છે. એને માટે દાકતર બોલાવવા પડશે."

"ઓહોહોહોહો.... ભારે કરી તમે તો. મમ્મા બોલાવો, ડોક્ટર બોલાવો, ડોકટર મમ્મા, મમ્મા ડોક્ટર બોલાવવા કરતાં એમ સીધેસીધું કહો ને કે ધરાદીદી ! હીરોને ગ્રાઈપવોટર પીવડાવો. ધરાએ બોલતાં બોલતાં ગ્રાઈપવોટરની બાટલી કાઢી. હીરોએ પણ બોટલ તરફ હાથ લંબાવ્યો. બોટલનાં લેબલ પરનાં ટાબરિયાને જોઈને હીરો હસવા લાગ્યો......

# હું શું બનીશ

લેબોરેટરી ટેકનિશ્યન બની દરદીઓની સેવા કરીશ

હમણાં મારા ઘરની સામે રહેતા અનુરાધાબેનની માટે ડાકટરને બોલાવવા પડયા અને ડોકટરે તરત જ લોહીના જુદા જુદા ટેસ્ટ કરાવવા કહ્યું.

હું મારા પપ્પા સાથે ત્યાં જ બેઠો હતો એટલે તરત જ પપ્પાને પૂછયું, 'હેં પપ્પા આ લોહીના ટેસ્ટ ડાકટર જ કરશે? ક્યાં કરશે?'

પપ્પાએ જવાબ આપ્યો, 'બેટા નાનીયા, સામાન્ય રીતે આપણે ત્યાં લોહી–પેશાબ–ઝાડો વગેરેને તપાસીને ડાકટર વિવિધ રોગના લક્ષણો શોધતા હોય છે અને તે લક્ષણો ઉપરથી રોગનું નિદાન કરી દવા આપવાનું કામ પણ ડાકટર કરે છે. આ લેબોરેટરી ટેસ્ટ માટે સામાન્ય રીતે મેડીકલ ટેક્નોલાજીનો પ્રમાણપત્ર કેડિપ્લોમા કોર્સ કરેલ હોવો જોઈએ પછી આવા કોર્સ કરેલ વ્યકિ પોતાની લેબોરેટરી શરૂ કરી શકે છે.નાનિયો, 'પપ્પા, પણ એમાં ખૂબ ભણવું પડે? ખૂબ સારા ટકા હોય તો જ પ્રવેશ મળે ? અમારા શિક્ષક તો કહેતા હતા કે ડાકટર થવા ગાંસડી ભરીને ગુણ લાવવા સશ?'

પપ્પા, 'બેટા, જો પેથોલોજીસ્ટ ડાકટર થવું હોય તો વાત સાચી છે એમબીબીએસમાં પ્રવેશ લેવા ધો.૧૨ વિજ્ઞાનમાં ૮૦–૯૦ % જોઈએ અને એ પછી પણ ૨–૪ વરસ ભણવાનું! જેથી રોગીના ગમે તેવા રોગનું ટેસ્ટિંગ કરી શકાય. જયારે સામાન્ય ટેસ્ટ માટે બી.એસસી. પછી એક વરસના મેડિકલ ટેક્નોલોજીના કોર્સ કરવાના રહે છે.'

નાનીયાની બહેન ઢ બૂડી તરત જ બોલી ઊઠી, પપ્પા તો હું પેથોલોજીસ્ટ જ બનીશ! મારે તો ૯૦ % આવશે જ! પણ આ નાનીયાનું ગાડું કેમ ચાલે તે ખબર નથી. તેને ટકા ઓછા આવે તો બી.એસસી. કરાવીને લેબોરેટરી ટેક્નિશ્યન બનાવશો?'

નાનીયો, 'એય તું ચાવળી થામા! એવું ન બને કે તારે પણ મારી જેમ બી.એસસી. કરીને ટેક્નોલાજીસ્ટ બનવું પડે! પણ એટલું નક્કી કે આપણે બન્ને ભાઈબહેન આ કોર્સ ભણીને લેબોરેટરી ખોલીશું અને ગરીબ દરદીઓને આવા ટેસ્ટ કરી આપીને સેવા કરીશું.

અરે હા, તમે માંદા પડો તો ટેસ્ટ કરાવવા અમારી લેબોરેટરીએ જ આવશોને?'




# જ્ઞાન ઝરણાં

પૂ.પા.શાસ્ત્રીજી રામચંદ્ર ડોંગરે મહારાજના શ્રીમદ ભાગવત રહસ્ય તથા કથામૃતમાંથી વહેલા

આપણાં માટે નકકી જ છે ને ! તો પરીક્ષિતની જેમ કાળને ભૂલશો નહીં.
૨. ભાગવતનો આશ્રય કરે તે નિર્ભય બને છે.
૩. મરણની ભીતિથી પ્રભુમાં પ્રીતિ થાય છે.
૪. મનુષ્ય કાયમ કાળની બીક રાખે તો તેનાથી પાપ થશે નહીં.
૫. કાળને મારે તે કાળનો માર ખાતો નથી.
૬. ઈશ્વર સાથે પ્રેમ કર્યા વગર વિકારો, કામ, ક્રોધ જતા નથી.
૭. ધીરે ધીરે મરણની પણ તૈયારી કરજો.
૮. મરણને સુધારવું હોય તો પ્રતિક્ષણને સુધારજો.
૯. આંખનો, મનનો, ધનનો, વાણીનો સદુપયોગ કરો તો મરણ સુધરશે.
૧૦. સતત ઉદ્યોગ કરો તો રિધ્ધિ સિધ્ધિ તમારી દાસી થશે.

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## ઘર એ જ સ્વર્ગ !

માણસને મકાન બાંધવાનો સૌ પ્રથમ વિચાર આવ્યો, તેના મૂળમાં સુરક્ષાનો ભાવ રહેલો હતો. કાળક્રમે તેણે ઘર સર્જ્યું, જયાં સુરક્ષા ઉપરાંત સુખ, શાંતિ, સુવિધા, આનંદ ઉમેરાયા. દાદા–દાદીના દાંત વગર દાંત કાઢ વાની ક્રિયાથી માંડી હજી જેને દાંત ફૂટયા નથી તેવા ભૂલકાનાં ખીલખીલાટ હાસ્યથી 'ઘર' ગૂંજતું હોય, ચોમેર પ્રસન્નતાનો પરિમલ મહેકતો હોય, તે ભારતીય સંયુકત કુટુંબનું એક છત્રછાયા તળેનું ઘર ! – બાકી ચાર દીવાલ, બારી–બારણાં વગેરે વગેરે વાળા મકાન !

# સન્માન સમારંભોનો કોલાહલ

આપણે ત્યાં છેલ્લા એકાદ દાયકાથી દેવોને ચડતા પુષ્પગુચ્છો અને ફૂલમાળાઓની સરખામણીમાં માનવો પરની પુષ્પવૃષ્ટિ કોઈક કારણસર વધી ગઈ છે. જીવનની અલ્પ ઉપલબ્ધિઓ ઉપર પણ સંતોષ લઈને સન્માન સ્વીકારનારા લોકોની સંખ્યા ખતરનાર રીતે વધી રહી છે, જાણે કે વિશ્વના મંચ પરની મહાનતાઓનો આપણને પરિચય જ ન હોય. આને કારણે સમાજ પોતાના વિકાસના બહુ નાના મુકામો પર રોકાઈ જાય છે અને પછીની પેઢ ીને વ્યર્થ દષ્ટાંતોનો વારસો આપી જાય છે. જીવન સમર્પણનો યણ કરનારા, માતૃભૂમિ માટે શહાદત વહોરનારા, વિશાળ માનવ સમાજની વેદના ઓછી કરનારા, વિદ્દતાના અત્યંત ઊંચા આસનો લઘુક વયે સિધ્ધ કરનારા અને જન સુખાકારી માટે પોતાની સંપત્તિ લૂંટાવી દેનારાઓ સિવાય ભાગ્યે જ કોઈ સન્માનના અધિકારી છે. સન્માનનો મહિમા જળવાય એટલે પણ એમાં સંયમ રાખવો અનિવાર્ય છે.

જ્ઞાનજયોતિ
શ્રી ગિજુભાઈ ભરાડ

# સાસરિયે બેઠી બેઠી...

પારકા ઘરને પોતાનું બનાવનાર હર એક ડાહી દીકરી સ્વયં. જગતની જનની સીતા જ છે...પુત્રીના ઉત્તમ ચરિત્ર જોઈને સૌથી વધારે પ્રસન્નતા બાપને થાય છે. રાજ કન્યા એવી સીતાને તપસ્વિનીના વેશમાં જોઈને પિતા જનકે પરમ સંતોષ અનુભવ્યો.

અંતરનો ઉમળકો ઠાલવતા જનકજી કહે છે,

"બેટા, તે બન્ને કુળને પવિત્ર કર્યા છે. સૌ કોઈ કહે છે કે તારા નિર્મળ યશથી આખું જગત ઉજજવળ બન્યું છે."

દીકરી બે કુળને તારનાર ગણાય છે. માવતરના ઘર કરતા સંસ્કાર અને રીત રિવાજમાં સાવ ભિન્ન હોવા છતાં પારકે ઘરે પોતાની જાતને અનુકૂળ કરીને, માવતરની પ્રતિષ્ઠા વધારનારી હર એક ડાહી દીકરી ખરા અર્થમાં જગત જનની સીતા જ છે.

દીકરી વ્હાલનો દરીયો
લેખકશ્રી બલદેવભાઈ ઓઝા

# બાળ દેવદૂત

બાળ કેળવણીમાં સહાયક સુવિચારોનું સંકલન

પ્રકાશક જી.બી.મકવાણા દિગ્વિજયસિંહ ચુડાસમા વાલજીભાઈ રાઠોડ

૧. જો તમે બાળક સાથે રમી શકતા હોય, તો તમે કંઈ પણ કરી શકો છો. – પ્રિન્સ ઓફ બીજમીથ
૨. બાળકો રાષ્ટ્રનું મુસ્કાન છે. – સી. રાજગોપાલાચારી
૩. બે ઘડી તમારા બાળક સાથે રમો. – નહેરૂ ચાચા
૪. બાળકોને એવો સિમેન્ટ છે કે, એમના પર કંઈ પણ પડે તો તેની છાપ ઉપસી આવે છે. – હેઈમ ગીનોટ,૫. બાળકને સહારા માટે કોઈ એક શકિતની, સેવા માટે એક ખભાની અને શીખવા માટે કોઈ એક ઉદાહરણની આવશ્યકતા હોય છે. – હ્યુ બર્ટ હમ્ફી, ૬. બાળકોનું અનુસૂચિત કાર્ય પણ ગુરૂજનો માટે ખૂબ જ આનંદદાયક હોય છે. – હનુમન્નાટકમ
૭. બાળકો વર્તમાનને માણી શકે છે, કારણ કે, તેમની પાસે કોઈ ભૂતકાળ કે ભવિષ્ય હોતા નથી. – જીન–દ–લે–બ્રુપા ૮. બાળકના નાના શરીરમાં રહેલા મહાન આત્માના હું પળે પળે દર્શન કરૂ છું. – ગિજુભાઈ બધેકા
૯. કોઈપણ બાળકના ભાવિ ઉન્નતિ કે અવનતિનો આધાર તેની માતા ઉપર જ છે. હું કર્તવ્યનિષ્ઠા અને ધૈર્ય મારી માતાની ગોદમાંથી શીખ્યો છું. – નેપોલિયન બોનાપાર્ટ
૧૦. નાના બાળક થવાનું સાહસ એક છાંટોય આપણામાં કયાં છે ? એથી જ તો આમ બુઢા થઈ મરીએ છીએ. – રવીન્દ્રનાથ ટાગોર

# આપો આ જવાબ

(૧) કેળાની સાથે શું ખાવાથી માણસ મૃત્યુ પામે છે. – ઈંડા
(૨) ગુજરાતમાં સૌથી છેલ્લે સુર્યાસ્ત કયા જિલ્લામાં દેખાય છે ? – કચ્છ
(૩) ભારતનું હદય કયાં શહેરને કહેવાય છે ? – દિલ્લી
(૪) ઉતરાયણનાં દિવસે સૂર્ય કઈ રાશિમાં પ્રવેશ કરે છે ? – મકરરાશીમાં
(૫) એક સેકન્ડમાં થતા દોલનની સંખ્યાને શું કહે છે ? – આવૃતિ
(૬) સોનુ એ શું છે ? ધાતુ


મકવાણા રોમિલ
ધો. ૮, રૂપાયતન પ્રા. શાળા

# હર્ષનાં પંખી મિત્રો – ફિલિપ કલાર્ક

નાનો અમથો હર્ષ. જતાં આવતાં પંખીઓ જોવાની તેને ખૂબ મજા પડે. તેમની નાની–નાની આંખો, સુંદર પાંખો અને ટહુકા સાંભળી તે ખુશ ખુશ થઈ જતો. મોર જોવા મળે તો એ ગાંડો ગાંડો થઈ જતો.

એક દિવસ તે મમરા ખાતો ઘરના આંગણામાં બેઠો હતો. એવામાં ઠેકડા ભરતાં ચીં ચીં કરતાં ચકલીબેન તેની ખૂબ જ નજીક આવીને બેઠાં. તેણે ધીમે રહીને થોડા મમરા ચકલી આગળ નાખ્યા. ચકલી તેની નાની નાની ચાંચથી ચપ્ ચપુ મમરા ખાવા લાગી. હર્ષ આનંદવિભોર બની ગયો. તે ચકલીને ધારીધારીને જોવા લાગ્યો. મમરા ખાઈ ચકલી ફરરર્ કરતી ઊડી ગઈ.હજી ત્યાં મમરા પડેલા જ હતા અને હર્ષે પણ નાખ્યા. કાબર કલબલ કલબલ કરતી ઝડપભેર આવી અને મમરા ખાવા લાગી. ઠેકડા ભરતી કલબલ કરતી અને મમરા ખાતી કાબરને જોઈ હર્ષના આનંદમાં વધારો થયો. વાહ ! ચકલીબેન આવ્યાં, કાબરબેનને મોકલ્યાં. હવે તો બીજાં પંખી પણ...એવામાં એક કબૂતર આવીને બેઠું. તે નજીક આવતું ન હતું. બાજુવાળાં બહેન જુવારના દાણા નાખતાં અને કબૂતરનું ટોળું આવીને ચણવા લાગતું. હર્ષ ઘણી વખત જોતો. ઘરમાં જુવાર હતી જ. તે ઝટપટ જઈને ખોબો ભરીને જુવારના દાણા લઈ આવ્યો અને આંગણામાં વેર્યા. જોતજોતામાં એક પછી એક આવીને કબૂતરોનું ટોળું બની ગયું અને દાણા ચણવા લાગ્યું.હર્ષ રોજ આંગણામાં મમરા નાંખે, જુવાર નાંખે. ચકલી, કબૂતર અને કાબર ચણવા આવે. પાંખોનો ફડફડાટ અને તેમની બોલી આંગણાને ભરી દે. ધીરે ધીરે ચકલી, કાબર અને કબૂતર હર્ષનાં મિત્રો બની ગયાં. એક દિવસ બુલબુલ પણ આવ્યું. મધુર અવાજે ગાવા લાગ્યું. પછી તો બીજાં પંખીઓ પણ આવવા લાગ્યાં. હર્ષ આનંદમાં રહેવા લાગ્યો.હર્ષે એક દિવસ બધાં પંખીઓને કહ્યું, "તમે મારા સાચા મિત્રો છો. તમે રોજ આવો છો તે મને ખૂબ ગમે છે. તમારા માટે ચણ સાથે પાણીની પણ વ્યવસ્થા કરી છે." હર્ષે માટીના વાસણમાં ચોખ્ખું પાણી પણ ભરી દીધું. પંખીઓ થેંક યુ... થેંક યુ કહેતાં હર્ષની, નજીક આવ્યાં. દાણા ખાવા લાગ્યાં અને વાતો કરવા લાગ્યાં. ચકલીએ ધીમે રહીને કહ્યું.

હર્ષભાઈ આવતીકાલથી પોપટ પણ આવવાનો છે. તમારે લીલાં લીલાં તાજાં મરચાં તેમના માટે લાવવાં પડશે. "ભલે ભલે એ પણ થઈ જશે." કહી હર્ષ હસી પડ્યો. બધાં પંખીઓએ દાણા ખાધા, મમરા ખાધા અને પાણી પીધું. પછી હર્ષનો આભાર માની ફર્ ફર્ કરતાં ઊડી ગયાં.રોજ રોજ નવાં નવાં પંખીઓ આવવા લાગ્યાં. હર્ષનાં માતાપિતા પણ હર્ષનો પંખી પ્રેમ જોઈ આનંદમાં આવી ગયાં. એવામાં પોપટ આવ્યો. લીલો લીલો પોપટ, લાલ ચાંચ અને કંઠે કાળો કાંઠલો.હર્ષ ધારીધારીને જોવા લાગ્યો. તેને તાજાં તાજાં લીલા મરચાં ખાવા આપ્યાં.પોપટે ધરાઈને લીલાં મરચાં ખાધાં. એક દિવસ મોર અને ઢેલ પણ આવી ચડ્યાં. હર્ષે તો આનંદમાં આવીને ઝૂમી ઊઠ્યો.હર્ષના આંગણામાં રોજ સવારે પંખીઓનો મેળો ભરાવા લાગ્યો. જાતજાતનાં પંખીઓ દાણા ચણે, પાણી પીએ અને કલરવ કરી મૂકે. ધીરે ધીરે આ વાત હર્ષની શાળાના વિદ્યાર્થીઓ અને તેના મિત્રોએ જાણી.બીજે દિવસે શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને હર્ષના મિત્રો જોવા માટે આવ્યા. હર્ષ પંખીઓ વચ્ચે ઘેરાયેલો હતો. તે પંખીઓને દાણા નાખતો હતો. પંખીઓ ચણતાં હતાં. આંગણામાં કલરવ અને



# ત્રણ ઉપદેશ


થોડા વખતમાં પડિયો ભરાઈ ગયો. તે પડિયો ઉઠાવીને તરસ્યા શિકારીએ મોંએ માંડયો કે બાજે ઝપટ મારીને દૂર હડસેલી દીધો. ખીજાઈને એણે બીજો પડિયો બનાવીને મૂળ જગ્યાએ રાખી દીધો. પડિયો ભરાયા પછી શિકારીએ ફરી મોંએ માંડયો કે બાજે ફરી ઝપટ મારીને પડિયો દૂર ફેંકી દીધો.ત્રીજી વખત પણ એમ જ બન્યું, એટલે શિકારીએ ક્રોધે ભરાઈને ખંજર કાઢીનેબાજના બે કટકા કરી નાખ્યા. બાજ મરી ગયું હવે તે કેટલો વખત ધીરજ ધરી શકે ? ઝાડ પરથી પાણી ટપકી ટપકીને ય કેટલું ટપકે ? એણે જાડ પર નજર કરી. પણ હવે ઉપરથી પાણી ટપકતું નહોતું.'તે જાડ પર ચડી ગયો. વિચાર્યુ કે જે જગ્યાએથી પાણી ટપકે છે, ત્યાંથી જ પાણી પી લેવું. ડાળ પર ચડીને જુએ છે, તો ત્યાં એક મરેલો અજગર હતો. એના સડેલા શરીરમાંથી ટીપુંટીપું પાણી ટપકતું હતું.'એ દશ્ય જોઈને શિકારીને ખૂબ ખેદ થયો, કારણ કે જે બાજે એનો જીવ બચાવ્યો, તે બાજને જ એણે મારી નાખ્યું.'હે ઠગની પુત્રી પછી તે શિકારી જીવનભર માથું ધુણાવીને પસ્તાતો રહ્યો. તે ઘડીભર પણ વિના કારણે પરોપકારી બાજને માર્યાનું દુઃખ ન ભૂલી શક્યો. હે ઠગપુત્રી જો તું મને મારીશ, તો તારે પણ જીવનભર પસ્તાવું પડશે.'રાજકુમારે વાર્તા એવી બહેલાવીને કહી કે ઠગપુત્રી બસ, સાંભળતી જ રહી. વાર્તા પૂરી થઈ, ત્યારે રાતના બાર વાગી ગયા હતા ને ઠગની નાની પુત્રી પહેરો દેવા આવી પહોંચી હતી. આવતા વેંત એણે પૂછ્યું :'શું બહેન, હીરાઓ હાથ આવ્યા કે નહિ ?'' ના, બહેન, એણે તો મને અત્યાર સુધી વાતોમાં રોકી રાખી. હું તો એની વાતોમાં ભોળવાઈ ગઈ પણ તું હીરા કઢાવજે.'મોટી બહેન જતી રહી પછી, નાની ઠગપુત્રી રાજકુમારને કહેવા લાગી : 'રાજકુમાર, હું તને બચાવીશ, પણ તારે મને વચન દેવું પડશે કે તું મારી સાથે લગ્ન કરીશ.'રાજકુમારે વચન આપ્યા પછી તે બોલી : 'જો તબેલામાં બે સાંઢણીઓ બાંધેલી છે. એક તાજીમાજી છે ને બીજી દૂબળી–પાતળી. ભરાવદાર સાંઢણી દિવસમાં સાંઠ કોસ ચાલે છે ને દૂબળી સો કોસ. તું દૂબળીને લઈ આવ, ત્યાં સુધીમાં હું લઈ શકાય તેટલું ધન એકઠું કરી લઉં.'રાજકુમાર તાજીમાજી પણ ધીમુ ચાલતી સાંઢણી લઈ આવ્યો, તેથી ઠગપુત્રીને દુઃખ થયું પણ ભગવાનની મરજી લેખીને કાંઈ ન બોલી. તેઓ બન્ને સાંઢણી પર સાંઠ કોસ સુધી ગયા ને પછી બન્ને આરામ કરવા લાગ્યા.સવાર થઈ ગઈ હતી. ઠગની નાની પુત્રીએ જોયું કે એનો ભાઈ દૂબળી સાંઢણી પર સવાર થઈને ઝડપભેર એમની તરફ આવતો હતો. રાજકુમારે કહ્યું : 'તારો ભાઈ આવે છે. શું કરશું ?''તમે ઝટ જાડ પર ચડી જાઓ.'રાજકુમાર જાડ પર ચડી ગયો ને ઠગની પુત્રી ભાઈ સામે ચાલી. તે ભાઈને મળીને કહેવા લાગી :'જો ભાઈ, એ નાલાયક રાજકુમાર મને બાંધીને અહીં લઈ આવ્યો. તને જોઈને તે ઝાડ પર ચડી ગયો છે.'પોતાની બહેન પર ભરોસો કરીને ભાઈ સાંઢણી પરથી ઉતરીને જાડ પર ચડી ગયો. ઠગની પુત્રીએ સાંઠ કોસ ચાલતી સાંઢણીનો એક પગ કટારથી કાપી નાખ્યો. પછી તે સો કોસ ચાલતી સાંઢણી પર સવાર થઈ.રાજકુમાર એક ડાળથી બીજી ડાળ પર કુદતા રહ્યો ને ઠગ એનો પીછો કરતો રહ્યો. એ વખતે ઠગની બેટી નીચેથી બોલી :'ભાઈ, ભાઈ, જો રાજકુમાર ડાળ પરથી કૂદવા માગે છે.'એ સાંભળતાં જ રાજકુમાર ઠગની પુત્રીની સાંઢણી પર કૂદી પડયો. બન્ને સવાર થઈને ભાગી છૂટયાં.ઠગે નીચે આવીને જોયું કે એની તેજણ સાંઢણી તો એની બહેનને રાજકુમાર લઈ ગયા હતા. વળી બીજી સાંઢણી લંગડી થઈ ગઈ હતી. પીછો કરવાનું કોઈ સાધન નહોતું, તેથી મોં વકાસીને બેસી રહ્યો.આગળ જતાં રાજકુમારને થયું કે પોતાના ભાઈને દગો દેતી ઠગપુત્રીનો શો ભરોસો ? જો એને પોતાનાથી વધુ સુંદર કોઈ જુવાન મળી જાય, તો રાજકુમારને પણ મારી નાખતાં વાર કેટલી? એવુંવિચારીનેરાજકુમારે તલવાર કાઢીને તે ઠગ પુત્રીને મારી નાખી.પછી રાજકુમાર પિતાના રાજયમાં પાછો ફર્યો. માબાપને ખૂબ જ આનંદ થયો. રાજા વૃદ્ધ થયો હતો, તેથી એણે પુત્રને રાજતિલક કરીને રાજા બનાવ્યો. વજીરનો દીકરો વજીર બની ગયો.વૃધ્ધ રાજાને મંત્રી તપ કરવા જંગલમાં ચાલ્યા ગયા.કહેવાય છે કે સાધુની ત્રણ શિખામણથી ચતુર બનેલા તે રાજકુમારે રાજા બનીને ખૂબ જ સરસ રીતે રાજય ચલાવ્યું.

સંસ્કાર ગાથા
શ્રી ગિજુભાઈ ભરાડ પૂ.શ્રી મુકતાનંદ બાપુ

# આ મારું ચિત્ર છે



રિંકલ વિનુભાઈ પરમાર
(ધો.૬, શ્રીમતિ પી.એન.વોરા વિદ્યાનિકેતન)



ખુમાણ ગ્રીષા વાય.
(શ્રીમતિ પી.એન.વોરા વિદ્યાનિકેતન,રૂપાયતનપ્રા.શાળા)



જોગી ધવલ હરેશભાઈ
(ધો.૯, દીપક હાઈસ્કુલ અમરેલી)



બોરડ દ્રષ્ટ્રી બી.
(ધોરણ : ૮, રૂપાયતન પ્રા.શાળા અમરેલી )

# અમરેલી જિલ્લામાં પ્રાકૃતિક ખેતીમાં આંકડો બન્યો ખેડૂતોનો સહારો, ખાતર અને ફૂગનાશક તરીકે અસરકારક






અમરેલી જિલ્લામાં પ્રાકૃતિક ખેતી તરફ ખેડૂતોનો ઝોક સતત વધી રહ્યો છે. રાસાયણિક ખાતર અને દવાઓના વધતા ખર્ચ તથા જમીનની બગડતી તંદુરસ્તી વચ્ચે હવે પ્રગતિશીલ ખેડૂતો પ્રાકૃતિક પદ્ધતિઓ અપનાવી રહ્યા છે. આવી પ્રાકૃતિક ખેતીમાં ''આંકડો'' એક મહત્વના સાધન તરીકે ઊભરી આવ્યો છે, જે ખાતર તેમજ ફૂગનાશક બંને રૂપે અસરકારક સાબિત થઈ રહ્યો છે. આત્મા અમરેલીના પ્રોજેક્ટ ડાયરેક્ટર મહેશ જીડએ જણાવ્યું કે, હાલ અમરેલી જિલ્લામાં પ્રાકૃતિક ખેતી કરનાર ખેડૂતોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. ખેડૂતો હવે ધીમે ધીમે રાસાયણિક ઈનપુટ્સથી દૂર થઈ કુદરત આધારિત ખેતી પદ્ધતિઓ અપનાવી રહ્યા છે. પ્રાકૃતિક ખેતીના પાંચ આયામોમાં આંકડાનું વિશેષ મહત્વ છે. ખાસ કરીને 'દસ પર્ણ અર્ક' (૧૦ પરણી અર્ક)માં પણ આંકડાનો સમાવેશ કરવામાં આવે છે, જે જમીનની ઉપજ શકિત વધારવામાં અને પાકને રોગોથી બચાવવામાં મદદરૂપ બને છે. આંકડાનો ઉપયોગ કરવો પણ ખૂબ સરળ છે. પ્રાકૃતિક ખેતીમાં આંકડાના પર્ણ અને ડાંડીને કટીંગ કરીને એક બેરલમાં નાખવામાં આવે છે. ત્યારબાદ તેમાં પ્રાકૃતિક બેક્ટેરિયા ઉમેરવામાં આવે છે, જેથી આંકડો ઝડપથી સડી શકે અને તેનો સાર પાણીમાં સારી રીતે ભળી જાય. આ મિશ્રણને જો ૧૨ થી ૧૫ દિવસ સુધી રાખવામાં આવે તો તેમાંથી બનતું પાણી પોટાશ ખાતર તરીકે ઉપયોગમાં લેવાય છે. આ પાણીનો છંટકાવ પાક પર કરવાથી છોડની વૃદ્ધિમાં વધારો થાય છે, પાંદડાં લીલાં અને તંદુરસ્ત રહે છે તેમજ ફૂલ–ફળની સંખ્યા પણ વધે છે. જો આંકડાનું મિશ્રણ ૨૫ દિવસ કે તેથી વધુ સમય સુધી પાણીમાં ભેળવી રાખવામાં આવે, તો તે ફૂગનાશક તરીકે પણ ખૂબ અસરકારક બને છે. આવા પાણીનો છંટકાવ પાક પર કરવાથી ફૂગજન્ય રોગો, પાંદડાં પરના દાગ, સડાં અને અન્ય રોગોપર કાબૂ મેળવી શકાય છે. ખાસ કરીને કપાસ, મગફળી, શાકભાજી અને બાગાયતી પાકોમાં આંકડાના પાણીનો સારો પ્રભાવ જોવા મળ્યો છે. અમરેલી જિલ્લાના અનેક ખેડૂતો હવે આ પદ્ધતિ અપનાવી રહ્યા છે અને તેમને સકારાત્મક પરિણામો મળી રહ્યા છે. ખેડૂતો જણાવે છે કે આંકડાનો ઉપયોગ કરવાથી ખર્ચમાં ઘટાડો થયો છે અને પાકની ગુણવત્તામાં પણ સુધારો આવ્યો છે. સાથે સાથે જમીનની તંદુરસ્તી જળવાઈ રહે છે, જે લાંબા ગાળે ખેતી માટે ખૂબ લાભદાયક છે. પ્રાકૃતિક ખેતીનો મુખ્ય હેતુ કુદરત સાથે સંતુલન જાળવીને ઉત્પાદન વધારવાનો છે, અને આંકડો આ હેતુ સિદ્ધ કરવામાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યો છે. સરકાર અને આત્મા જેવી સંસ્થાઓ પણ ખેડૂતોને આંકડાનો ઉપયોગ કેવી રીતે કરવો તેની તાલીમ અને માર્ગદર્શન આપી રહી છે. આ રીતે, અમરેલી જિલ્લામાં આંકડો હવે માત્ર એક છોડ નહીં પરંતુ પ્રાકૃતિક ખેતીમાં ખેડૂતો માટે એક વિસનીય સાધન બની ગયો છે. આવનારા સમયમાં જો વધુ ખેડૂતો આ પદ્ધતિ અપનાવે તો રાસાયણિક ખેતી પરની નિર્ભરતા ઘટશે અને સ્વસ્થ, ટકાઉ ખેતીનો માર્ગ વધુ મજબૂત બનશે.

પાના ૮ ઉપરનું ચાલું
## સાવરકુંડલા પાલિકાના રોજમદાર

શકાય તેમ છે, તેનો વહેલી તકે હલ લાવવા માટે તેઓ સતત મનોમંથન અને વાટાઘાટો કરી રહ્યા છે. શ્રમ યોગી સંગઠનના આગેવાનો સાથે બેસીને વચગાળાનો રસ્તો કાઢવા માટે તંત્ર દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી રહી છે. ઈમરજન્સી સેવાઓ ચાલુ રહેશે

હડતાળ હોવા છતાં, શ્રમ યોગી સંગઠને જવાબદારીપૂર્વક નિર્ણય લીધો છે કે આગ જેવી કોઈ દુર્ઘટનાના સમયે 'હાયર બ્રિગેડ' અને અન્ય ઈમરજન્સી સેવાઓના કર્મચારીઓ પોતાની ફરજ બજાવશે, જેથી કોઈ જાનહાનિ ન થાય.

બીજી તરફ, સફાઈ અને પાણી વગર હાલાકી ભોગવી રહેલા સાવરકુંડલાના રહીશો ઈચ્છી રહ્યા છે કે પાલિકા તંત્ર અને કર્મચારીઓ વચ્ચેનો આ ગતિરોધ વહેલી તકે દૂર થાય અને શહેરની સુખાકારી ફરી પૂર્વવત બને. હવે જોવાનું એ રહેશે કે પાલિકાની આ વાટાઘાટો શું રંગ લાવે છે.??

પાના ૧ ઉપરનું ચાલું
## બાબરાનાં ચરખા ગામે

તાલુકાના ચરખા ગામે ચમારડી રોડ ઉપર રહેતાં મધુભાઈ કુરજીભાઈ કુંભાણી નામનાં ૫૦ વર્ષીય ખેડુત તથા તેમના પત્નિ ગત તા. ૪ના રોજ રાત્રે ૯:૩૦ થી ૧૧ વાગ્યાના સમયગાળા દરમ્યાન પોતાના ગામમાં આવેલ રામદેવપીરના મંદિરે લગ્ન પ્રસંગમાં ગયેલ હતા અને ઘરે ઓસરીમાં તેમના બા તથા બાપુજી સુતા હતા. તે સમયે કોઈ અજાણ્યા ઈસમોએ આ ખેડૂતના ઘરના મકાનની પાછળની દિવાલ કુદીને અંદર પ્રવેશ કરી અને ઘરના રૂમનો દરવાજો ખોલીને રૂમમાં પ્રવેશ કરી રૂમમાં રહેલ લોખંડનાં કબાટનો દરવાજો ખોલી કબાટની વસ્તુ બહાર કાઢી ચાવી વડે કબાટની અંદરનું ખાનુ ખોલી જેમાં ખેડૂતના દિકરા દિલીપભાઈનો સોનાનો ચેઈન તથા પેન્ડલ, દિકરાની વહુ નયનાબેનના સોનાની ચેઈન તથા પેન્ડલ તથા બુટી તથા કડલી તથા પોંચી તેમજ ખેડૂતના પત્નિની સોનાની બુટી મળી બધા સોનાના ઘરેણાનો વજન આશરે ૧૦૦ ગ્રામ જેની જે તે વખતની બજાર કિંમત આશરે રૂપિયા ૧,૫૦,૦૦૦ તથા છોકરાઓના સોનાના ઓમકાર નંગ–૨ જેની કિંમત રૂા. ૧૦૦૦ તથા રોકડ રૂપિયા ૪૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૧,૯૧,૦૦૦ની ઘરફોડ ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાતાં પોલીસે ચોરીનો ભેદ ઉકેલવા તપાસ હાથ ધરેલ છે.

સૌરાષ્ટ્ર ગુજરાતનું નામાંકિત ગર્લ્સ સંકુલ
સ્કૂલ કોલેજ હોસ્ટેલ
KG થી PG – પ્રવેશ માર્ચથી
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ અમરેલી. -Ad 191

## ધારાસભ્ય તળાવીયાની રજૂઆતથી બાબરા : કોટડાપીઠામાં ૧.૩૦ કરોડનાં ખર્ચે સુવિધાપથ બનશે

### ગ્રામજનોમાં ખૂશીનો માહોલ

બાબરા, તા. ૬

બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે લાંબા સમયથી પ્રજાજનોની મહત્વપૂર્ણ માંગ રહેલી આંતરિક માર્ગ સુવિધા માટે રાજય સરકાર દ્વારા રૂા. ૧.૩૦ કરોડના ખર્ચે સુવિધાપથ (સી.સી. રોડ) મંજૂર કરવામાં આવ્યો છે. આ મહત્વપૂર્ણ વિકાસ કાર્ય માટે સ્થાનિક ધારાસભ્ય જનક તળાવીયાની સતત રજૂઆત અને પ્રયત્નો ફળ્યા હોવાનું ગ્રામજનોમાં આનંદ અને સંતોષની લાગણી જોવા મળી રહી છે.

કોટડાપીઠા ગામે વસવાટ કરતા નાગરિકો, ખેડૂતો, વિદ્યાર્થીઓ તેમજ વેપારીઓને વર્ષોથી ખરાબ માર્ગોના કારણે અવરજવર કરવામાં ભારે મુશ્કેલી પડી રહી હતી. ખાસ કરીને વરસાદી ઋતુ દરમિયાન કાચા તથા જર્જરિત રસ્તાઓનાં કારણે રોજિંદી આવાગમન, શાળા–કોલેજ, આરોગ્ય સેવા તથા ખેતી સંબંધિત વાહન વ્યવહાર અસરગ્રસ્ત થતો હતો.



આ સમસ્યાને ધ્યાનમાં રાખી ધારાસભ્ય જનક તળાવીયાએ સરકાર સમક્ષ વારંવાર રજૂઆત કરી હતી.

ધારાસભ્યની સક્રિય આગેવાની અને વિકાસલક્ષી અભિગમના પરિણામે રાજય સરકારે રૂા. ૧.૩૦ કરોડના ખર્ચે આધુનિક સુવિધાઓથી સજ્જ સી.સી. રોડને મંજૂરી આપી છે. આ માર્ગ બનવાથી ગામના આંતરિક રસ્તાઓ મજબૂત બનશે, ટ્રાફિક સુવ્યવસ્થિત થશે અને ગ્રામજનોને વર્ષો સુધી ટકાઉ અને સુરક્ષિત માર્ગ સુવિધા પ્રાપ્ત થશે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## અવસાન નોંધ

**અમરેલી :** અમરેલી નિવાસી પ્રેમિલાબેન સુરેશભાઈ નગદીયા (ઉ.વર્ષ.૬૮) તે સુરેશભાઈ નગદીયા (બેંક ઓફ બરોડા)ના ધર્મપત્ની પ્રશાંતભાઈ(જલારામ ફૂટવેર)ના માતૃશ્રી તેમજ કિરીટભાઈ નગદીયા (ચલાલા વાળા)ના ભાભી, સ્વ.વિનુભાઈ, રાજુભાઈ, પંકજભાઈ, સંદીપભાઈ, ભાવિકભાઈ, તથા વ્રજેશભાઈના કાકીનું તા.૬/૨/ ૨૦૨૬, શુક્રવારના રોજ અમરેલી ખાતે દુઃખદ અવસાન થયેલ છે. સદગતની પ્રાથના સભા તેમજ પિયર પક્ષની સાદડી તા.૭/૨/૨૦૨૬ શનિવારે સાંજના ૪ થી ૬ મહાજન પાર્ટી પ્લોટ, સ્ટેશન રોડ, ગોપી ટોકીઝની બાજુમાં અમરેલી રાખેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું
## મહિલાને પાંચ રૂપિયાની નોટનાં બદલામાં

માહિતી આપી સાયબર ફ્રોડ કરેલ ફેસબુકમા old_coin_currency એકાઉન્ટની વિગતો ચેક કરેલ હતી.

મહિલા ફરિયાદીએ ઉપયોગ કરેલ મોબાઈલ નંબરનું ટેકનીકલ એનાલીસીસ કરેલ અને આરોપીઓ કોઈ એક સીમકાર્ડ અથવા કોઈ એક મોબાઈલનો થોડો સમય ઉપયોગ કરી અને મોબાઈલ તથા સીમકાર્ડનો નાશ કરી નાખતા હતો. ટેકનીકલ એનાલીસીસ કરતા આરોપીઓના અલગ અલગ ઈન્સટાગ્રામ એકાઉન્ટ મળેલ હતાં. જેમા Aspak_dulot નામનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટો માહિતી તથા ટેકનીકલ એનાલીસીસ આધારે આરોપીએ એક વર્ષ દરમ્યાન ૮ જેટલા IMEI તેમજ મોબાઈલ નંબર પણ બદલેલ હતાં. જે તમામ નંબરોનુ એનાલીસીસ કરેલ અને એક વર્ષ દરમ્યાન આરોપીની મુવમેન્ટનુ એનાલીસીસ કરેલ જેના આધારે આ આરોપી રાત્રી તથા દિવસ દરમ્યાનનુ ચોક્કસ એરીઆ નક્કી કરેલ અને વધુ ટેકનીકલ એનાલીસીસ આધારે આરોપીઓ મુળ નામ, સરનામા અને મોબાઈલ નંબર મેળવેલ હતાં.

સદરહુ ઉપરોકત તમામ મુદાઓના આધારે આરોપીની ચોક્કસ ઓળખ થયેલ અને રાજસ્થાનના દીગ જીલ્લાના ડાયનાકા બાસ ગામેથી જાફરાબાદ પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા આરોપીને પકડવામા સફળતા મળેલ હતી.

ગુજરાત રાજય સરકાર તથા ગુજરાત પોલીસ દ્વારા સાયબર ક્રાઈમ અવરનેસ જાગૃતી સબબ ઘણા બધા કાર્યક્રમ યોજેલ છે અને લોકોને સાયબર ફ્રોડ તથા ફ્રોડ કોલથી સર્તક રહેવા સુચન આપેલ છે અને તમારી સાથે પણ સાયબર ફ્રોડ કરવાની કોશિષ કરે તો સાયબર ક્રાઈમ ફ્રોડ હેલ્પલાઈન ૧૯૩૦નો સંપર્ક કરવો અથવા નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવો અને જાગૃત નાગરીક બનવા અપીલ કરેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું
## બગસરાનાં મુંજીયાસર ગામે

આ બનાવમાં બગસરા તાલુકાના મોટા મુંજીયાસર ગામે રહેતાં કિશોરભાઈ પટોળીયાની વાડીમાં કામ કરતા અને ત્યાં જ રહેતાં ખેત મજૂર રમણભાઈ કટારા સાથે ચા બનાવવા જેવી સામાન્ય બાબતમાં સાવકા પુત્ર સુરેશ મસારે સાથે ઝગડો થતા પોતાના સાવકા પુત્રએ પોતાના પાલક પિતા રમણભાઈ કટારા પર બોથડ પદાર્થ સાથે સિમેન્ટની સગડીનો મોઢા ઉપર ઘા મારીને નિર્મમ હત્યા કરી હતી. ત્યારે રમણભાઈને બચાવવા માતા સીતાબેન મસાર અને બહેન અસ્મિતા કટારા વચ્ચે પડતાં તેમની ઉપર પણ હુમલો કર્યો હતો.

આ બનાવમાં મૃતક રમણભાઈ કટારાના પ્રથમ પત્ની મૃત્યુ પામતા તેઓએ સીતાબેન મસાર નામની મહિલા સાથે લગ્ન કરેલા હતા. આ સીતાબેન મસાર તેમના આગલા ઘરના પુત્ર સુરેશને સાથે લાવેલા હતા અને બધા સાથે રહેતા હતા.

ત્યારે ગત રાત્રે ચા બનાવવા જેવી સામાન્ય બાબતમાં આરોપી સુરેશને પોતાની જ માતા સીતાબેન અને પાલક પિતા રમણભાઈ કટારા સાથે ઝગડો થતાં આરોપીએ પાલક પીતાં ઉપર હુમલો કરેલો હતો અને રમણભાઈ કટારાને મરણતોલ માર મારી હત્યા કરી હતી.

ગઈકાલે રાત્રિના બનેલી ઘટના બાદ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને મૃતકના મૃતદેહને બગસરા હોસ્પિટલ ખસેડાયો હતો.

પાલક પિતાની હત્યા બાદ પોલીસ દ્વારા હત્યાની ઘટનાને લઈ અમરેલી વિભાગીય પોલીસ વડા સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચીને સમગ્ર હત્યા કેમ થઈ તે અંગે અમરેલી વિભાગીય પોલીસ વડા ચિરાગ દેસાઈએ વિગતો જણાવી હતી. જયારે હત્યારા પુત્રની ધરપકડ કરવાના ચક્રો ગતિમાન કર્યા છે.

### // મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, ખાંભાની કોર્ટમાં//

બ.ડે.રજી.કેસ.નં.૦૫/૨૬ તા.૦૨/૦૨/૨૦૨૬
નં.એમએજી/વશી/૦૬/૨૦૨૬

**અરજદારશ્રી :** શ્રી નાગભાઈ ભાણાભાઈ શીઢા
રહે.ચતુરી, તા. ખાંભા, જિ. અમરેલી

// વિરૂધ્ધ //

**સામાવાળા :** જન્મ–મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી –વ– તલાટી કમ મંત્રીશ્રી, ભાવરડી, તા. ખાંભા જિ. અમરેલી

**જાહેર નોટિસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી **નાગભાઈ ભાણાભાઈ શીઢા રહે. ચતુરી, તા. ખાંભા, જી. અમરેલી વાળાએ તેમના બહેનની પુત્રી નામે સત્રુપાબેન હકુભાઈ મેગળ જન્મ તા. ૦૪/૦૨/૨૦૨૫ના રોજ** ખાંભા તાલુકાના ચતુરી (ભાવરડીપરા) મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં સુનવણી મુદત તા. ૨૬/૦૨/૨૦૨૬ ના રોજ ૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
ખાંભા

### એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી

અપીલ રજી નં. ૪૪/૨૦૨૬

**અરજદાર :** શ્રી અગવાન મુનીરાબેન કરીમભાઈ
રહે. ભવાની ચોક, મુ. દામનગર, તા. લાઠી, જિ.અમરેલી.
મો. ૯૬૨૪૭૦૯૯૮૭

:: વિરૂધ્ધ ::

**સામાવાળા :** જન્મ – મરણ નોંધણી અધિકારીશ્રી, – વ –તલાટી–કમ–મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, મુ.વરસડા, તા./જિ.અમરેલી.

**–: જાહેર નોટિસ :–**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના વરસડા ગામમાં અરજદારશ્રી **અગવાન મુનીરાબેન કરીમભાઈ** તેઓની પોતાની જન્મ (૦૧/૦૬/૧૯૪૭)ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા, તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખ્યત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. **૦૨–૦૨–૨૦૨૬** ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સિક્કો

એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૨૨ | ૧૫૮૩ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૦૦ | ૧૫૨૦ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૪૫૫ | ૧૫૩૦ |
| ૩ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૪૯૫ |
| ૪ | શિંગદાણા | ૧૨૦૦ | ૧૭૭૫ |
| ૫ | શિંગદાણા ફાડા | ૧૪૨૫ | ૧૭૫૫ |
| ૬ | તલ સફેદ | ૧૦૯૦ | ૨૨૫૦ |
| ૭ | તલ કાળા | ૩૦૦૫ | ૩૦૦૫ |
| ૮ | તલ કાશ્મીરી | ૧૯૯૦ | ૧૯૯૦ |
| ૯ | જુવાર | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૪૦ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૧૦ | ૫૧૦ |
| ૧૨ | અડદ | ૮૫૦ | ૧૦૪૦ |
| ૧૩ | ચણા | ૭૪૦ | ૧૦૯૦ |
| ૧૪ | સફેદ ચણા | ૭૦૦ | ૧૦૦૦ |
| ૧૫ | તુવેર | ૭૦૦ | ૧૫૮૦ |
| ૧૬ | કપાસ | ૯૬૫ | ૧૫૯૫ |
| ૧૭ | એરંડા | ૧૧૨૫ | ૧૨૫૫ |
| ૧૮ | જીરૂ | ૪૦૭૦ | ૪૩૬૦ |
| ૧૯ | ધાણી | ૧૫૦૦ | ૧૯૪૦ |
| ૨૦ | મેથી | ૭૨૫ | ૯૧૦ |
| ૨૧ | સોયાબીન | ૯૪૦ | ૧૧૧૦ |
| ૨૨ | મરચા લાંબા | ૧૪૦૦ | ૭૨૦૦ |
| ૨૩ | કાંગ | ૪૨૫ | ૪૨૫ |
| ૨૪ | નવી ધાણી | ૧૫૨૦ | ૧૮૬૫ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૫૧ | ૧૫૮૬ |
| ૨ | મગફળી | ૧૨૫૧ | ૧૨૬૫ |
| ૩ | સોયાબીન | ૯૧૭ | ૧૦૬૫ |
| ૪ | તુવેર | ૧૨૯૦ | ૧૩૩૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૩૦૦ | ૧૪૫૨ |
| ૨ | શીંગ મોટી | ૧૩૦૦ | ૧૫૧૦ |
| ૩ | તલ કાળા | ૧૬૫૦ | ૨૦૭૫ |
| ૪ | તલ કાળા | ૨૬૦૦ | ૩૯૦૦ |
| ૫ | જીરૂ | ૪૦૦૦ | ૪૪૦૦ |
| ૬ | કપાસ | ૧૩૫૦ | ૧૬૧૨ |
| ૭ | ઘઉં લોકવન | ૪૭૦ | ૫૩૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૪૫ |
| ૯ | ચણા | ૧૦૦૦ | ૧૧૧૦ |
| ૧૦ | તુવેર | ૧૨૦૦ | ૧૬૦૨ |
| ૧૧ | એરંડી | ૯૫૦ | ૧૨૦૦ |
| ૧૨ | ધાણા | ૧૩૨૦ | ૧૭૦૦ |
| ૧૩ | સોયાબીન | ૯૫૦ | ૧૦૬૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૨૨ | ૧૬૭૮ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૧૫ | ૧૩૮૫ |
| ૩ | મગફળી | ૧૧૫૫ | ૧૪૮૫ |
| ૪ | તલ સફેદ | ૧૫૧૦ | ૧૯૦૦ |
| ૫ | ધાણા | ૯૦૫ | ૧૮૮૫ |
| ૬ | જીરૂ | ૩૦૩૦ | ૪૨૯૦૦ |
| ૭ | ચણા | ૮૮૦ | ૧૧૦૦ |
| ૮ | તુવેર | ૯૪૫ | ૧૫૨૫ |
| ૯ | સોયાબીન | ૭૬૦ | ૧૦૭૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૬૪૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૫૨ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૫૧ | ૫૫૩ |
| ૪ | ચણા | ૧૦૦૯ | ૧૦૦૯ |
| ૫ | ધાણા | ૧૧૦૫ | ૧૪૫૫ |
| ૬ | જીરૂ | ૪૧૩૦ | ૪૧૩૦ |
| ૭ | સોયાબીન | ૯૭૫ | ૧૧૧૨ |
| ૮ | મગફળી | ૧૧૬૦ | ૧૨૫૦ |
| ૯ | તુવેર | ૧૦૦૦ | ૧૪૩૫ |
| ૧૦ | શીંગદાણા | ૧૩૦૦ | ૧૪૮૫ |
| ૧૧ | ચણા સફેદ | ૯૨૫ | ૯૨૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૫ | ૧૩૩૫ |
| ૨ | મગફળી | ૧૨૦૦ | ૧૨૩૦ |
| ૩ | ઘઉં | ૪૯૬ | ૫૨૫ |
| ૪ | ચણા | ૧૦૪૦ | ૧૦૬૦ |
| ૫ | તુવેર | ૧૩૫૦ | ૧૫૯૧ |
| ૬ | અડદ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૭ | શીંગદાણા | ૧૩૫૫ | ૧૩૯૦ |
| ૮ | તલ | ૧૪૧૦ | ૧૪૧૦ |
| ૯ | વાલ | ૮૫૬ | ૮૫૬ |
| ૧૦ | લાલ તુવેર | ૧૧૦૦ | ૧૧૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૩૦૦ | ૧૩૨૫ |
| ૨ | કપાસ | ૧૦૦૦ | ૧૬૩૦ |
| ૩ | બાજરો | ૩૨૫ | ૪૦૦ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૭૨ |
| ૫ | જુવાર | ૭૮૧ | ૧૦૦૧ |
| ૬ | મગ | ૧૪૦૦ | ૧૫૦૦ |
| ૭ | મઠ | ૧૬૭૫ | ૧૬૭૫ |
| ૮ | અડદ | ૧૧૨૫ | ૧૧૨૫ |
| ૯ | તુવેર | ૧૨૮૧ | ૧૪૫૫ |
| ૧૦ | સોયાબીન | ૧૦૦૦ | ૧૦૦૦ |




### જાફરાબાદનાં મિતિયાળા ગામે રહેતી

# મહિલા સાથે પાંચ રૂપિયાની નોટનાં બદલામાં ૧૫ લાખ આપવાનું કહી છેતરપીંડી

## પોલીસે સાયબર ફ્રોડ કરનારને ઝડપી લીધા

અમરેલી, તા. ૬

જાફરાબાદ તાલુકા મિતિયાળા ગામે એક મહિલાના ફેસબુક એપ્લીકેશન પર એક જાહેરાત આવેલ. જેમાં ટ્રેકટર છાપની પાંચ રૂપિયાની નોટના બદલામાં પંદર લાખ રૂપિયા મળશે. તે જાહેરાત અન્વયે મહિલાએ આ અજાણ્યા આરોપીના વોટ્સએપ ઉપર મેસેજ કરતા આરોપીએ રજીસ્ટ્રેશન, જી.એસ.ટી. તેમજ આઈ.ડી. બનાવવા તેમજ સરકારી માણસો તથા વીડીયોગ્રાફી ખર્ચના બ્હાને તેમજ સી.બી.આઈ. ઓફીસર તરીકેની



ખોટી ઓળખ આપી મહિલાના અલગ અલગ બેંક એકાઉન્ટમાંથી કટકે કટકે રૂપિયા ૧,૪૧,૭૫૦ ટ્રાજેકશન કરાવી ઓનલાઈન વિસઘાત અને છેતરપીંડી કરી ધમકી આપી સાયબર ફ્રોડનો ગુન્હો આચરેલ હતો.

બાદ આ મહિલાને પોતાની સાથે સાયબર ફ્રોડ થયાની જાણ થતા મહિલાએ સાયબર ફ્રોડ હેલ્પ લાઈન ૧૯૩૦ ઉપર તુરંત ફોન કરી ફરિયાદ કરેલ હતી. આ ફરિયાદ જાફરાબાદ પોલીસ સ્ટેશન આવતા જાફરાબાદ પોલીસે બી.એન.એસ. કલમ ૩૧૬ (૨), ૩૧૯(૨), ૩૧૮ (૪), ૩૫૧(૨) તથા આઈ.ટી. એકટ કલમ ૬૬(સી), ૬૬(ડી) મુજબ અજાણ્યા આરોપી સામે ગુન્હો નોંધેલ હતો.

આ સાયબર ફ્રોડને અંજામ આપનાર રાજસ્થાનમાં રહેતાં આરોપી અસ્પાક તૈયબ દુલોત ખુબ હોશીયાર હોય અને ફેસબુક પેજ મારફતે જાહેરાત કરી લોભામણી સ્કીમ આપી લોકો સાથે અલગ અલગ બેંકના ખાતાઓનો ઉપયોગ કરી પેમેન્ટ કરાવી છેતરપીંડી આચરતા હતો અને અલગ અલગ મોબાઈલ તથા અન્ય લોકોના નામના સીમકાર્ડનો ઉપયોગ કરી તથા પોતાના ખોટા નામ, સરનામા આપેલ અને આરોપીઓ પોતાની કોઈ વ્યકિતગત સાચી માહિતી છુપાવી અને ખોટી

અનુસંધાન પાના ૬ ઉપર




### અમરેલી જિલ્લામાં સિંહોની સુરક્ષા મજબુત કરવાના દાવા વચ્ચે

# લીલીયા મોટા : કણકોટ ગ્રામ પંચાયતના કુવામાં એકથી બે વર્ષની વયનો પાઠડો સિંહ પડી જતાં મોત

## સિંહપ્રેમીઓમાં રોષ અને આઘાતની લાગણી ઉભી થઈ



અમરેલી તા. ૬

અમરેલી જિલ્લામાં સૌથી વધુ સિંહ પરિવારનો વસવાટ છે. ત્યારે આજે અમરેલી જિલ્લાનાં લીલીયા રેન્જના મોટા કણકોટ ગામે રહેતાં મુકેશભાઈ જીણાભાઈ કાકડિયાની વાડી બાજુમાં આવેલ કણકોટ ગામના ગ્રામ પંચાયતના કુવામાં એક બે વર્ષની ઉંમરનો સિંહ પાઠડો નર અકસ્માતે પડી જતાં સિંહ પાઠડાનુ મોત નિપજતા ભારે અરેરાટી ફેલાય જવા પામેલ છે. ત્યારે વનવિભાગ ઘટનાં સ્થળે દોડી જઈ સિંહ બાળના મૃતદેહને કુવામાંથી બહાર કાઢી બાદમાં પી.એમ માટે એનિમલ કેર સેન્ટર ક્રાંકચ ખાતે ખસેડવામાંમાં આવ્યો હતો.

આ ઘટનાં જયાં ઘટી તે કૂવાની પેરાપીટ બાંધેલ હોવા છતાં આ ઘટનાં ઘટતાં વનવિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવેલ છે. આમ લીલીયા પંથકમાં વન્ય જીવોના આકસ્મિક મોતનો સિલસિલો યથાવત રહ્યો છે. આજે સિંહનું મોત નીપજતા સિંહ પ્રેમીઓમાં ભારે રોષ અને શોકની લાગણી ફેલાઈ છે.

કણકોટ ગામની સીમમાં શિકારની શોધમાં અથવા અંધારામાં રસ્તો ભટકેલો આ અઢી વર્ષનો ડાલા મથ્થો અચાનક આ કૂવામાં ખાબકયો હોવાનું મનાય રહ્યુ છે. જયારે કૂવામાં પાણીથી ભરેલો હોવાને કારણે સિંહ બાળ બહાર નીકળી શકયો ન હતો અને અંતે શ્વાસ રૂંધાવાથી તેનું કરૂણ મોત નીપજયું હતું.

ઘટનાની જાણ થતા જ સ્થાનિકોના ટોળેટોળા ઉમટી પડયા હતા અને વનવિભાગને જાણ કરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતાને જોતા વનવિભાગનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો હતો. વનવિભાગની ભારે જહેમત બાદ નર સિંહના મૃતદેહને કૂવા બહાર કાઢવામાં આવ્યો હતો. વનવિભાગે સિંહના મૃતદેહનો કબજો મેળવી, મોતનું ચોક્કસ કારણ જાણવા માટે તેને ક્રાંકચ એનિમલ કેર સેન્ટર ખાતે પોસ્ટમોર્ટમ માટે ખસેડયો છે.

લીલીયા પંથકમાં ખુલ્લા કૂવાઓ વન્યપ્રાણીઓ માટે 'ડેથ ટ્રેપ' સાબિત થઈ રહ્યા છે. અગાઉ સિંહણના વીજ કરંટથી થયેલા મોત બાદ હવે આ અકસ્માતે વન્યજીવ પ્રેમીઓને હચમચાવી દીધા છે. રેવન્યુ વિસ્તારમાં સિંહોની અવર – જવર પર વનવિભાગનું મોનિટરિંગ વધારવામાં આવે તેમજ ખુલ્લા કૂવા મામલે બેદરકાર માલિકો સામે કડક કાર્યવાહી કરવામાં આવે. લા તેવી પણ માંગ ઉઠી છે.જો કે વનવિભાગના જણાવ્યા અનુસાર આ કૂવો પેરાપીટથી બાંધવા આવેલ હતો.

સિંહ પ્રેમીઓના જણાવ્યા અનુસાર, જો વનવિભાગ દ્વારા સમયસર ખુલ્લા કૂવાઓનું સર્વે કરી તેને ઢાંકવાની કામગીરી કરવામાં આવે તો આવનાર દિવસોમાં આવી ઘટના ના બને. જો આ કૂવો સંપુર્ણ ઢ ાંકવામાં આવ્યો હોત તો આજે આ વનરાજનો જીવ બચી શકયો હોત તેવી સિંહ પ્રેમી ઓમા ચર્ચા પણ ચાલી રહી છે. ઉલ્લેખનીય છે કે, થોડા દિવસો પહેલા આ લીલીયા વિસ્તારમાં એક સિંહણનું વીજ કરંટથી મોત થયું હતું, ત્યાં જ આજે બીજી ઘટના સામે આવતા સિંહ પ્રેમીઓમાં ભારે રોષ અને શોકની લાગણી જોવા મળી રહી છે.

### અવારનવાર કરાયેલ રજુઆતની થતી અવગણનાથી કંટાળીને

# સાવરકુંડલા પાલિકાના રોજમદાર કર્મચારીઓએ વિવિધ માંગ પૂર્ણ કરવાની સાથે વીજળીક હડતાલ પાડી

## પાલિકા પ્રમુખ મેહુલ ત્રિવેદી કર્મચારીઓને સમજાવવા દોડી ગયા



સાવરકુંડલા, તા. ૬

સાવરકુંડલા નગરપાલિકાના શ્રમ યોગી સંગઠન હેઠળના તમામ વિભાગના રોજમદાર કર્મચારીઓ ગાંધી ચિંધ્યા માર્ગે આજે પોતાની વિવિધ પડતર માંગણીઓને લઈને અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરી જતાં શહેરમાં વહીવટી તંત્ર અને જનજીવન પર વ્યાપક અસર જોવા મળી રહી છે. ખાસ કરીને પાણી વિતરણ અને ગટર સફાઈ જેવી પાયાની સેવાઓ ખોરવાઈ જતાં શહેરીજનો ભારે મુશ્કેલીમાં મુકાયા છે.

કર્મચારી સંગઠન દ્વારા પગાર વધારા સાથે સરકારના ધારા ધોરણ મુજબ લઘુત્તમ વેતનની માંગ.બીજા અને ચોથા શનિવારે રજા આપવાની માંગણી. હાઈકોર્ટના પરિપત્રોનું તાકીદે અમલીકરણ.

નિર્મળભાઈ ખુમાણ, યુવરાજભાઈ વિછીયા, જયરાજભાઈ ખુમાણ, નકુલભાઈ વિઠલાણી તેમજ ચંદુભાઈ તેરૈયા અને અન્ય આઠ વ્યક્તિઓના કોર્ટ કેસ બાબતે યોગ્ય નિરાકરણ લાવવું.

હડતાળની ગંભીરતાને જોતા નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી મેદાનમાં આવ્યા છે. નગરપાલિકાના પટાંગણમાં જઈને તેમણે હડતાળ પર ઉતરેલા કર્મચારીઓ સાથે પ્રત્યક્ષ સંવાદ સાંધ્યો હતો. નગરપાલિકા સ્તરે જે પ્રશ્નો ઉકેલી

અનુસંધાન પાના ૬ ઉપર










*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)